GAD/MSM/e-file/1/2023/3399/RTI Cell

સામાન્ય વહીવટ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

તા.

પ્રતિ,

આરટીઆઈના નોડલ અધિકારીશ્રી

સર્વે વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

વિષય:ગુજરાત માહિતી આયોગના હુકમનું અમલ કરાવવા બાબત.

શ્રીમાન,

શ્રી ખુશાલ આર. વર્મા, અમદાવાદ દ્વારા માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ કરવામાં આવતી અરજીઓ બાબતે ગુજરાત માહિતી આયોગનો તા.૨૯/૦૧/૨૦૨૫ નો હુકમ ક્રમાંક અ-૩૯૯૨-૨૦૨૪ ની નકલ આ સાથે સામેલ છે. આ હુકમ આપના હસ્તકના તમામ જાહેર સત્તામંડળો ને પરિપત્રિત કરવા વિનંતી છે.

આપની વિશ્વાસુ

બિડાણ: ઉપર મુજબ

(અંકિતાબા જાડેજા)

ઉપસચિવ (ઇ.ચા.)

સામાન્ય વહીવટ વિભાગ

Signature Not Verified

Signed by:Ankita Jadeja
Under Secretary
Date:2025.03.06
16:49:43 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેકટર-૧૦-એ, ગાંધીનગર
માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ અપીલ બાબત.
અપીલ નં- અ-૬૧૬૭-૨૦૨૩,
અપીલ નં- અ-૦૭૨૨-૨૦૨૪, અપીલ નં- અ-૦૭૨૩-૨૦૨૪,
અપીલ નં- અ-૦૭૨૬-૨૦૨૪, અપીલ નં- અ-૦૭૨૭-૨૦૨૪,
અપીલ નં- અ-૦૭૩૦-૨૦૨૪, અપીલ નં- અ-૦૭૩૮-૨૦૨૪
અપીલ નં- અ-૦૭૫૬-૨૦૨૪,

વિવાદી : શ્રી હર્ષ દિનેશકુમાર બ્રહ્મભટ્ટ
યુજી-૧૪૪, ફોર પોઇન્ટ,
સી.બી.પટેલ હેલ્થ કલબની સામે,
વી.આઈ.પી.રોડ, વેસુ,
સુરત - ૩૯૫૦૦૨

વિરુધ્ધ

(૧) જાહેર માહિતી અધિકારી
તલાટી કમ મંત્રી
પીસાદ ગ્રામ પંચાયત
પીસાદ ગ્રામ પંચાયત,
પલસાણા, તા. પલસાણા
જી. સુરત - ૩૯૪૩૧૫

(૨) જાહેર માહિતી અધિકારી
તલાટી-કમ-મંત્રી
હરીપુરા ગ્રામ પંચાયતની કચેરી
મુ. હરીપુરા, તા. પલસાણા
જી. સુરત - ૩૯૪૩૩૫

(૩) જાહેર માહિતી અધિકારી
તલાટી-કમ-મંત્રી
સોદલાખારા ગ્રામ પંચાયતની કચેરી
મું. સોદલાખારા, તા. ઓલપાડ
જી. સુરત - ૩૯૪૫૪૦

(૪) જાહેર માહિતી અધિકારી
તલાટી કમ મંત્રી
હલધરૂ ગ્રામ પંચાયતની કચેરી,

મુ.હલધરૂ, તા. કામરેજ
જી. સુરત - ૩૯૪૩૨૦

પ્રતિવિવાદી : (૫) જાહેર માહિતી અધિકારી
તલાટી કમ મંત્રી
પરબ-વલણ ગ્રામ પંચાયતની કચેરી
મુ.પરબ-વલણ, તા. કામરેજ
જી. સુરત - ૩૯૪૩૨૫

(૬) જાહેર માહિતી અધિકારી
તલાટી-કમ-મંત્રી
બગુમરા ગ્રામ પંચાયત
બગુમરા, તા. પલસાણા
જી. સુરત - ૩૯૪૩૦૫

(૭) જાહેર માહિતી અધિકારી
તલાટી-કમ-મંત્રી
પલસાણા ગ્રામ પંચાયત
મુ.પો. પલસાણા, તા. પલસાણા
જી. સુરત - ૩૯૪૩૧૫

(૮) જાહેર માહિતી અધિકારી
તલાટી કમ મંત્રી
વાવ ગ્રામ પંચાયતની કચેરી
મુ.વાવ, તા. કામરેજ
જી. સુરત - ૩૯૪૩૨૬

(૯) અપીલ સત્તાધિકારી
તાલુકા વિકાસ અધિકારી
તાલુકા પંચાયત કચેરી,
પલસાણા, તા. પલસાણા
જી. સુરત - ૩૯૪૩૧૫

(૧૦) અપીલ સત્તાધિકારી
તાલુકા વિકાસ અધિકારી
તાલુકા પંચાયત કચેરી,
ઓલપાડ, તા. ઓલપાડ
જી. સુરત - ૩૯૫૦૦૧

(૧૧) અપીલ સત્તાધિકારી
તાલુકા વિકાસ અધિકારી
તાલુકા પંચાયત કચેરી,
મું. નવા ગામ, કામરેજ ચાર રસ્તા
તા. કામરેજ, જી. સુરત - ૩૯૪૧૮૫

તા. ૬/૨/૨૦૨૫
ડૉ. સુભાષ સોની,
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત રાજ્ય સમક્ષ

(૧) સુનાવણીની તારીખ : ૩૧/૦૧/૨૦૨૫

(૨) સુનાવણીમાં ઉપસ્થિત પક્ષકારોઃ-

વિવાદી : શ્રી હર્ષ દિનેશકુમાર બ્રહ્મભટ્ટ વતી તેઓના કાકા શ્રી મહેન્દ્રસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટ આયોગ સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહેલ છે.

પ્રતિવિવાદી :

(૧) સુશ્રી રાધાબેન જે. પટેલ, જાહેર માહિતી અધિકારી અને તલાટી કમ મંત્રી, પીસાદ ગ્રામ પંચાયત, પીસાદ ગ્રામ પંચાયત, પલસાણા, તા.પલસાણા, જી.સુરત વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

(૨) શ્રી વી. એમ. રબારી, જાહેર માહિતી અધિકારી અને તલાટી-કમ-મંત્રી, હરીપુરા ગ્રામ પંચાયતની કચેરી, મુ.હરીપુરા, તા.પલસાણા, જી.સુરત વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

(૩) શ્રી ઈશાક એ. મેમણ, જાહેર માહિતી અધિકારી અને તલાટી-કમ-મંત્રી, સોદલાખારા ગ્રામ પંચાયતની કચેરી, મું.સોદલાખારા, તા.ઓલપાડ, જી.સુરત વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

(૪) શ્રી બી.બી.વાળા, જાહેર માહિતી અધિકારી અને તલાટી કમ મંત્રી, હલધરૂ ગ્રામ પંચાયતની કચેરી, મુ.હલધરૂ, તા.કામરેજ, જી.સુરત વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

(૫) શ્રી ડી.ડી.વાસાણી, જાહેર માહિતી અધિકારી અને તલાટી કમ મંત્રી, પરબ-વલણ ગ્રામ પંચાયતની કચેરી, મુ.પરબ-વલણ, તા.કામરેજ, જી.સુરત વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

(૬) શ્રી અક્ષય એસ. ખેની, જાહેર માહિતી અધિકારી અને તલાટી-કમ-મંત્રી, બગુમરા ગ્રામ પંચાયત, બગુમરા, તા.પલસાણા, જી.સુરત વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

(૭) શ્રી પિનાંક જે. મોદી, જાહેર માહિતી અધિકારી અને તલાટી-કમ-મંત્રી, પલસાણા ગ્રામ પંચાયત, મુ.પો.પલસાણા, તા.પલસાણા, જી.સુરત વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

(૮) શ્રી ફુલાભાઈ સી. રબારી, જાહેર માહિતી અધિકારી અને તલાટી કમ મંત્રી, વાવ ગ્રામ પંચાયતની કચેરી, મુ.વાવ, તા.કામરેજ, જી.સુરત વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

(૯) શ્રી પ્રકાશ આર. પટેલ, પ્રથમ અપીલ સત્તાધિકારી અને તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત કચેરી, પલસાણા, તા.પલસાણા, જી.સુરત વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

(૧૦) પ્રથમ અપીલ સત્તાધિકારી અને તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત કચેરી,
ઓલપાડ, તા.ઓલપાડ, જી.સુરત વતી શ્રી મયુર આઈ. સોનાવાલા, કલાર્ક વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

(૧૧) પ્રથમ અપીલ સત્તાધિકારી અને તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત કચેરી, મું. નવા ગામ, તા.કામરેજ, જી.સુરત વતી શ્રી જીતેન્દ્રકુમાર ટી. પટેલ, જુની. કલાર્ક વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

## (૪) આયોગ સમક્ષ રજૂ થયેલ અપીલના કાગળોની વિગત:-

| ક્રમ | વિગત | અ-૬૧૬૭-૨૦૨૩ | અ-૦૭૨૨-૨૦૨૪ | અ-૦૭૨૩-૨૦૨૪ | અ-૦૭૨૬-૨૦૨૪ | અ-૦૭૨૭-૨૦૨૪ | અ-૦૭૩૦-૨૦૨૪ | અ-૦૭૩૮-૨૦૨૪ | અ-૦૭૫૬-૨૦૨૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (i) | નમૂના-કની અરજી | ૧૩/૦૬/૨૦૨૩ | ૧૭/૦૮/૨૦૨૩ | ૦૧/૦૯/૨૦૨૩ | ૦૧/૦૯/૨૦૨૩ | ૦૧/૦૯/૨૦૨૩ | ૧૭/૦૮/૨૦૨૩ | ૧૩/૦૬/૨૦૨૩ | ૧૦/૦૮/૨૦૨૩ |
| (ii) | જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર | ૧૬/૦૯/૨૦૨૩ | ૦૧/૧૧/૨૦૨૩ | | ૧૪/૦૯/૨૦૨૩<br>૨૬/૦૯/૨૦૨૩ | ૨૦/૦૯/૨૦૨૩ | ૧૪/૦૯/૨૦૨૩ | ૧૫/૦૬/૨૦૨૩<br>૨૯/૦૬/૨૦૨૩<br>૧૫/૦૯/૨૦૨૩ | ૧૯/૦૮/૨૦૨૩<br>૨૧/૧૦/૨૦૨૩ |
| (iii) | પ્રથમ અપીલ | ૧૮/૦૭/૨૦૨૩ | ૨૫/૦૯/૨૦૨૩ | ૧૨/૧૦/૨૦૨૩ | ૦૩/૧૦/૨૦૨૩ | ૦૩/૧૦/૨૦૨૩ | ૨૫/૦૯/૨૦૨૩ | ૧૮/૦૭/૨૦૨૩ | ૧૧/૦૯/૨૦૨૩ |
| (iv) | પ્રથમ અપીલ અધિકારીનો હુકમ | ૦૮/૦૯/૨૦૨૩ | ૧૮/૧૦/૨૦૨૩ | ૦૭/૧૨/૨૦૨૩ | ૧૭/૧૧/૨૦૨૩ | ૧૭/૧૧/૨૦૨૩ | ૧૦/૧૧/૨૦૨૩ | ૦૮/૦૯/૨૦૨૩ | ૧૧/૧૦/૨૦૨૩ |
| (v) | બીજી અપીલ | ૨૦/૧૦/૨૦૨૩ | ૧૩/૦૧/૨૦૨૪ | ૧૩/૦૧/૨૦૨૪ | ૦૬/૦૧/૨૦૨૪ | ૦૬/૦૧/૨૦૨૪ | ૦૬/૦૧/૨૦૨૪ | ૧૮/૦૧/૨૦૨૪ | ૩૦/૦૧/૨૦૨૪ |
| (vi) | વિવાદીની રજૂઆત | ૩૧/૦૧/૨૦૨૫ | ૩૧/૦૧/૨૦૨૫ | ૩૧/૦૧/૨૦૨૫ | ૩૧/૦૧/૨૦૨૫ | ૩૧/૦૧/૨૦૨૫ | ૩૧/૦૧/૨૦૨૫ | ૩૧/૦૧/૨૦૨૫ | ૩૧/૦૧/૨૦૨૫ |
| (vii) | જાહેર માહિતી અધિકારીનો અહેવાલ | ૧૨/૧૨/૨૦૨૪ | ૦૫/૦૪/૨૦૨૪ | ૦૧/૦૫/૨૦૨૪ | ૧૫/૦૪/૨૦૨૪ | | ૦૯/૦૪/૨૦૨૪ | ૦૨/૦૪/૨૦૨૪ | ૨૬/૦૩/૨૦૨૪ |
| (viii) | પ્રથમ અપીલ અધિકારીનો અહેવાલ | ૦૯/૧૨/૨૦૨૪ | ૨૪/૦૪/૨૦૨૪ | ૧૩/૦૫/૨૦૨૪ | ૨૨/૦૩/૨૦૨૪ | | ૧૦/૦૧/૨૦૨૫ | ૦૮/૦૯/૨૦૨૩<br>૧૦/૦૧/૨૦૨૫ | ૨૨/૦૩/૨૦૨૪ |

## (૫) આયોગ સમક્ષ સુનાવણી અને હુકમ:-

આજરોજ વિવાદીની કુલ-૧૭ બીજી અપીલની સુનાવણી યોજવામાં આવેલ છે. વિવાદીની લેખિત રજૂઆત અનુસાર, તેઓના કાકા શ્રી મહેન્દ્રસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટ વિવાદી વતી ઉપસ્થિત રહેનાર હોવાથી, વિવાદી વતી રજૂઆત કરવા માટે આયોગ દ્વારા તેઓને પરવાનગી આપવામાં આવી. આયોગને જણાયું છે કે, વિવાદી મોટેભાગે અપીલની સુનાવણીમાં ઉપસ્થિત રહેતા નથી.પરંતુ, તેઓના બદલે શ્રી મહેન્દ્રસિંહ બ્રહ્મભટ્ટ અથવા શ્રી જશવંતસિંહ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહે છે.

આયોગની પૃચ્છા અન્વયે શ્રી મહેન્દ્રસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટ જણાવે છે કે, તેઓ, શ્રી જશવંતસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટ અને શ્રી હર્ષ બ્રહ્મભટ્ટના પિતાશ્રી દિનેશકુમાર બ્રહ્મભટ્ટ સગાભાઈઓ છે. આયોગ પાસે ઉપલબ્ધ વિગતો અનુસાર, વિવાદી તેમજ શ્રી મહેન્દ્રસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટ અને શ્રી જસવંતસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટના રહેઠાણનું સરનામું પણ સમાન છે.

આ ઉપરાંત, વેબસાઈટ પરથી મળેલ માહિતી અનુસાર, અગાઉ સુરતથી પ્રસિધ્ધ થયેલ “ક્રાંતિધર્મ” અખબારના તા.૦૨/૧૦/૨૦૧૭ના અંકમાં દર્શાવ્યા અનુસાર, શ્રી મહેન્દ્રસિંહ બ્રહ્મભટ્ટ અખબારના તંત્રી છે, વિવાદી શ્રી હર્ષ બ્રહ્મભટ્ટના પિતાશ્રી શ્રી દિનેશકુમાર બ્રહ્મભટ્ટ આ અખબારના સંવર્ધક તંત્રી છે અને શ્રી જસવંતસિંહ બ્રહ્મભટ્ટ અખબારના કાર્યવાહક તંત્રી છે.

એક જ કુટુંબની ઉકત ત્રણેય વ્યક્તિઓ તરફથી વર્ષ-૨૦૦૯ થી અત્યાર સુંધીમાં આયોગ સમક્ષ રજૂ કરવામાં આવેલ બીજી અપીલ/ફરિયાદની આંકડાકીય માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | આયોગ સમક્ષ રજૂ થયેલ અપીલ/ફરિયાદની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | શ્રી મહેન્દ્રસિંહ | શ્રી જશવંતસિંહ | શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ |
| ૧ | ૨૦૦૯ | ૧૨ | ૪ | - |
| ૨ | ૨૦૧૦ | ૪૩ | ૨ | - |
| ૩ | ૨૦૧૧ | ૪૩ | - | - |
| ૪ | ૨૦૧૨ | ૫૬ | ૬ | - |
| ૫ | ૨૦૧૩ | ૮૬ | ૬ | - |
| ૬ | ૨૦૧૪ | ૧૧૯ | ૫ | - |
| ૭ | ૨૦૧૫ | ૧૫૪ | ૩ | - |
| ૮ | ૨૦૧૬ | ૧૧૫ | ૯ | - |
| ૯ | ૨૦૧૭ | ૮૧ | ૧૦૨ | - |
| ૧૦ | ૨૦૧૮ | ૫૮ | ૧૮૪ | - |
| ૧૧ | ૨૦૧૯ | ૭૨ | ૧૬૪ | - |
| ૧૨ | ૨૦૨૦ | ૬૦ | ૧૫૧ | ૨૬ |
| ૧૩ | ૨૦૨૧ | ૧૭૫ | ૧૮૨ | ૧૨ |
| ૧૪ | ૨૦૨૨ | ૧૫૩ | ૧૩૩ | ૪૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫ | ૨૦૨૩ | ૧૦૬ | ૪૯ | ૮૬ |
| ૧૬ | ૨૦૨૪ | ૧૧૭ | ૩૪ | ૭૨ |
| ૧૭ | ૨૦૨૫ | ૬ | - | ૬ |
| | કુલ સંખ્યા | ૧૪૫૬ | ૧૦૩૪ | ૨૪૪ |
| | | ૧૪૫૬+૧૦૩૪+૨૪૪=૨૭૩૪ | | |

આમ, એક જ કુટુંબની ઉકત ત્રણેય વ્યક્તિઓ દ્વારા અધિનિયમ હેઠળ આયોગ સમક્ષ અત્યાર સુંધી રજૂ કરવામાં આવેલ અપીલ/ફરિયાદની કુલ સંખ્યા-૨૭૩૪ છે. તે જોતાં જણાય છે કે, એક જ કુટુંબની ઉકત ત્રણેય વ્યક્તિઓ દ્વારા ખૂબ મોટી સંખ્યામાં અધિનિયમ હેઠળ અરજીઓ કરીને વિવિધ જાહેર સત્તામંડળ પાસેથી માહિતીની માંગણી કરવામાં આવેલ છે.

ઉકત ત્રણેય વ્યક્તિઓ તરફથી આયોગ સમક્ષ રજૂ કરવામાં આવેલ જુદી-જુદી અપીલ/ફરિયાદની વિગતો જોતાં, અનેક બીજી અપીલ/ફરિયાદ અન્વયે અતિવિસ્તૃત સમયગાળાની અને વિશાળ પ્રમાણમાં માહિતીની માંગણી કરવામાં આવેલ છે. આવી માંગણી અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-“ક”ના ક્રમ-(૩)ની જોગવાઈઓ અનુસાર જોઈતી માહિતીની ચોકકસ વિગતો દર્શાવ્યા સિવાય કરવામાં આવતી હોવાથી, આયોગ દ્વારા યોગ્ય નિર્ણય કરીને સંબંધિત વિવાદીઓને અધિનિયમની જોગવાઈઓ અનુસાર, અરજી કરવા માટે વારંવાર જણાવવામાં આવેલ છે. આવા કેટલાક અપીલ નંબરો નીચે મુજબ છે.

| ક્રમ | શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ | શ્રી મહેન્દ્રસિંહ બ્રહ્મભટ્ટ | શ્રી જશવંતસિંહ બ્રહ્મભટ્ટ |
|---|---|---|---|
| ૧ | અ-૫૧૨૦-૨૦૨૨ | અ-૦૫૦૯-૨૦૨૨ | અ-૦૨૯૯-૨૦૨૨ |
| ૨ | અ-૫૮૪૦-૨૦૨૨ | અ-૬૪૪૦-૨૦૨૨ | અ-૦૪૪૬-૨૦૨૨ |
| ૩ | અ-૪૪૨૨-૨૦૨૩ | અ-૦૩૧૪-૨૦૨૩ | અ-૧૨૬૦-૨૦૨૩ |
| ૪ | અ-૪૪૨૮-૨૦૨૩ | અ-૦૩૧૫-૨૦૨૩ | અ-૧૨૬૨-૨૦૨૩ |
| ૫ | | અ-૦૩૧૬-૨૦૨૩ | અ-૧૨૬૩-૨૦૨૩ |
| ૬ | | અ-૧૯૦૫-૨૦૨૩ | અ-૧૨૬૪-૨૦૨૩ |
| ૭ | | અ-૪૨૯૬-૨૦૨૩ | અ-૧૨૬૫-૨૦૨૩ |
| ૮ | | | અ-૧૨૬૭-૨૦૨૩ |

અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે, અગાઉ પ્રસ્તુત અપીલના વિવાદીની અપીલ નં.અ-૪૪૨૨-૨૦૨૩ અને તા.૪૪૨૮-૨૦૨૩ની તા.૨૬/૦૯/૨૦૨૩ના રોજ યોજાયેલ સુનાવણીમાં વિવાદી વતી ઉપસ્થિત રહેલ વિવાદીના કાકા શ્રી જશવંતસિંહ બ્રહ્મભટ્ટની અપીલ નં. અ-૦૪૪૬-૨૦૨૨ને સંલગ્ન નમૂના-“ક”ની તા.૦૧/૧૦/૨૦૨૧ની અરજી અન્વયે લગભગ સમાન પ્રકારની માહિતીની માંગણી જાહેર માહિતી અધિકારી અને તલાટી-કમ-મંત્રી, મોતાલી ગ્રામ પંચાયત, તા.અંકલેશ્વર પાસેથી કરવામાં આવેલ હતી. આ અપીલ પરત્વે આયોગ દ્વારા કરવામાં આવેલ હુકમ અન્વયે પણ વિવાદીને અધિનિયમની

કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-"ક"ના ક્રમ-(૩)ની જોગવાઇઓ અનુસાર જોઇતી માહિતીની ચોક્કસ વિગતો નિર્દિષ્ટ કરીને મર્યાદિત માહિતીની માંગણી કરવા માટે જણાવી, અપીલ "નામંજૂર" કરવામાં આવેલ હતી અને આજની સુનાવણીમાં વિવાદી વતી ઉપસ્થિત રહેલ વિવાદીના કાકા શ્રી મહેન્દ્રસિંહ બ્રહ્મભટ્ટની અપીલ નં. અ-૪૨૯૬-૨૦૨૩ પરત્વે આયોગ દ્વારા કરવામાં આવેલ હુકમથી વિવાદીને સ્પષ્ટ જણાવવામાં આવેલ છે કે, જો વિવાદી દ્વારા અધિનિયમની જોગવાઇઓનું યોગ્ય પાલન નહીં કરવામાં આવે અને તેના કારણે જાહેર સત્તામંડળ ઉપર અને પરિણામે આવી અપીલની સુનાવણીના કારણે રાજ્યના નાગરિકો પર વિવિધ પ્રકારનો બોજો ઉત્પન્ન થતો હશે તો આયોગને નાછૂટકે તેઓ વિરૂદ્ધ પ્રતિબંધક હુકમો કરવાની ફરજ પડશે તેની નોંધ લેવા વિવાદીને જણાવવામાં આવે છે.

આમ છતાં, વિવાદી દ્વારા અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-ક ના ક્રમ-૩ની જોગવાઈઓ અનુસાર જોઈતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવ્યા સિવાય માહિતીની માંગણી કરવાનું ચાલુ રાખવામાં આવેલ છે. આ પ્રકારે માહિતીની માંગણી કરવામાં આવતી હોવાથી, સંબંધિત જાહેર માહિતી અધિકારી અને/અથવા પ્રથમ અપીલ સત્તાધિકારી દ્વારા વિવાદીને એક કે તેથી વધુ વખત રેકર્ડ નિરીક્ષણ કરી, માહિતી મેળવી લેવા માટે જણાવવામાં આવેલ છે. પરંતુ, વિવાદી દ્વારા જોઈતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવ્યા સિવાય માહિતી માંગવામાં આવેલ હોવાથી તથા માંગવામાં આવેલ માહિતીનું રેકર્ડ વિશાળ પ્રમાણમાં હોવાથી, અનેક વખત વિવાદીને સંતોષકારક માહિતી મળેલ ન હોવાના પ્રશ્નો આયોગ સમક્ષ ઉપસ્થિત થયા છે અને તેથી તેઓ દ્વારા બીજી અપીલ/ફરિયાદ રજૂ કરવામાં આવેલ છે.

આયોગને અનુભવે જણાયું છે કે,પ્રસ્તુત અપીલના વિવાદીને કઈ ચોકકસ માહિતી જોઈએ છે તે અંગે તેઓને જાણકારી નથી અને તેથી તેઓ દ્વારા ઉકત તમામ અપીલને સંલગ્ન નમૂના-કની અરજીથી માત્ર ચોકકસ સમયગાળો દર્શાવીને, વિવિધ વિષય/બાબત અંગે માહિતીની માંગણી કરવામાં આવેલ છે.

માહિતી અધિકાર અધિનિયમમાં માહિતી માંગવા માટે નીચે મુજબ જોગવાઈ કરવામાં આવી છે.

- <u>કલમ-૬(૧)</u> : ''આ અધિનિયમ હેઠળ કોઈ માહિતી મેળવવા માંગતી વ્યકિતએ, અંગ્રેજી અથવા હિન્દી અથવા જે વિસ્તારમાં અરજી કરવામાં આવતી હોય તેની રાજભાષામાં લેખિતમાં અથવા ઈલેકટ્રોનિક માધ્યમ મારફતે અને ઠરાવવામાં આવે તેટલી ફી સાથે <u>તેણે અથવા તેણીએ માંગેલી માહિતીની વિગતો નિર્દિષ્ટ કરીને</u>........''

- માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-“ક”ના ક્રમ-(૩)ની જોગવાઈઓ નીચે મુજબ છે.

| ક્રમ નં. | જરૂરી માહિતીની ચોક્કસ બાબતો/વિગતો(ટૂંકમાં) | જરૂરી માહિતીનો ચોક્કસ સમયગાળો |
|---|---|---|

- માહિતી અધિકાર અધિનિયમની કલમ – ૭ (૯) માં માહિતી માંગવા સંબંધમાં નીચે મુજબ જોગવાઈ કરવામાં આવી છે.

કલમ-૭(૯) : ‘‘સામાન્ય રીતે માહિતી જે સ્વરૂપમાં માંગવામાં આવી હોય તે સ્વરૂપમાં જ પૂરી પાડવી જોઈશે, સિવાય કે તેનાથી જાહેર સત્તામંડળના સ્ત્રોતો અપ્રમાણસર રીતે બદલાય અથવા વિવાદગ્રસ્ત રેકર્ડની સલામતી અને જાળવણીને હાનિ થાય તેમ હોય.’’

આમ, વિવાદીએ માહિતી અધિકાર અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-“ક”ના ક્રમ-(૩)ની જોગવાઈઓ અનુસાર, જોઈતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવીને માહિતીની માંગણી કરવાની રહે છે. આવી માહિતી માંગતી વખતે જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થવો જોઈએ નહીં.

વિવાદી દ્વારા જે રીતે માહિતી માંગવામાં આવે છે તે રીત અધિનિયમની જોગવાઈઓ સાથે સુસંગત નથી. આ રીતે માહિતી માંગવાથી, ઉકત જોગવાઈઓ અનુસાર, તેઓને કોઈ માહિતી મળવાપાત્ર નથી. વિવાદી દ્વારા વિશાળ સંખ્યામાં અરજીઓ કરીને માંગવામાં આવતી માહિતીના કારણે કોઈ એક વ્યકિત દ્વારા કરવામાં આવતી અરજીઓના કારણે જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થઈ રહ્યો છે અને તેથી જ કેટલાંક જાહેર માહિતી અધિકારી/પ્રથમ અપીલ સત્તાધિકારીઓ દ્વારા આ કારણોસર માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવેલ છે અને/અથવા વિવાદીને રેકર્ડ નિરીક્ષણ માટે જણાવવામાં આવેલ છે. આ ઉપરાંત, જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારીઓ, પ્રથમ અપીલ સત્તાધિકારીઓ અને આયોગનો સમય બિનજરૂરી અને અપ્રમાણસર રીતે વપરાય છે તથા **genuine** અરજદારોને ન્યાય મેળવવામાં વિલંબ થાય છે.

આમ છતાં, અત્યાર સુંધી આયોગ દ્વારા અધિનિયમની ભાવના, હેતુ અને જોગવાઈઓનો ઉદારતાપૂર્વક અમલ કરવાના હેતુથી સુનાવણી દરમિયાન વિવાદી, જાહેર માહિતી અધિકારી અને પ્રથમ અપીલ સત્તાધિકારી સાથે પરામર્શ કરી, વિવાદી દ્વારા સુનાવણી દરમિયાન જોઈતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવે તો માહિતી આપવાની તૈયારી દર્શાવવામાં આવેલ છે અને વિવાદીને અનેક વખત અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-ક ના ક્રમ-૩ની જોગવાઈઓ અનુસાર જોઈતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવીને, માહિતી માંગવા માટે જણાવવામાં આવેલ હોવા છતાં, વિવાદી દ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ ઉપર મુજબ અને અપ્રમાણસર અરજીઓ કરવાનું ચાલુ રાખવામાં આવેલ છે.

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ના આમુખમાં દર્શાવેલ છે કે..........

*"...અને ખરેખર વ્યવહારમાં માહિતીને જાહેર કરવાથી સરકારના કાર્યક્ષમ સંચાલન, મર્યાદીત નાણાંકીય સાધનોનો મહત્તમ ઉપયોગ અને સંવેદનશીલ માહિતીની ગોપનીયતાની જાળવણી સહિતના બીજા જાહેર હિતો સાથે સંઘર્ષ થાય તેમ છે; અને લોકશાહી આદર્શની સર્વોપરીતા જાળવતી વખતે આવતા હિતો વચ્ચે સંવાદિતા સાધવી પણ જરૂરી છે..... તેથી હવે જે નાગરિકો માહિતી મેળવવા માંગતા હોય તેમને અમુક માહિતી પૂરી પાડવા માટેની જોગવાઈ કરવી ઈષ્ટ છે...."*

અધિનિયમના આમુખમાં દર્શાવેલ "સંઘર્ષ"ની શકયતાઓ, 'સંવાદિતા સાધવાનો' વ્યકત થયેલ આદર્શ અને ''અમુક'' માહિતી પૂરી પાડવાના આદેશો ધ્યાને લઈને માહિતી આયોગે સર્વગ્રાહી વિચારણા કરીને, અધિનિયમની જોગવાઈઓમાં રજૂ થયેલ આદર્શો અને હેતુઓના પરિપ્રેક્ષ્યમાં અંત:કરણ અને નિષ્ઠાપૂર્વક નિર્ણય લેવાનો રહે છે.

રાષ્ટ્રની સંસદ દ્વારા લોકશાહીના ઉચ્ચ આદર્શોને સિધ્ધ કરવાના હેતુથી ઘડવામાં આવેલ અધિનિયમનો અયોગ્ય/અતિ/અપ્રમાણસર ઉપયોગ પરત્વે આયોગ લાંબા સમય સુંધી મૌન રહી શકે નહીં.

ઉકત વિગતોના પરિપ્રેક્ષ્યમાં સુનાવણી માટે રજૂ થયેલ કુલ-૮(આઠ) બીજી અપીલોને સંબંધિત હકીકતો અને નિર્ણય:-

આયોગ પાસે ઉપલબ્ધ વિવાદીની ઉકત પ્રત્યેક અપીલને સંલગ્ન અરજીની વિગતો જોતાં, વિવાદી દ્વારા અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-ક ના ક્રમ-૩ની જોગવાઈઓ અનુસાર, જોઈતી માહિતીની ચોકકસ વિગતો દર્શાવીને માહિતીની માંગણી કરવામાં આવેલ ન હોવાથી તથા માંગવામાં આવેલ માહિતી અતિવિસ્તૃત સમયગાળાની અને વિશાળ પ્રમાણમાં હોવાથી, જાહેર માહિતી અધિકારી અને/અથવા પ્રથમ અપીલ સત્તાધિકારી દ્વારા વિવાદીને રેકર્ડ નિરીક્ષણ કરીને માહિતી મેળવી લેવા માટે જણાવવામાં આવેલ છે. મોટાભાગના કિસ્સાઓમાં વિવાદી રેકર્ડ નિરીક્ષણ માટે ઉપસ્થિત રહેલ નથી અને તેથી તેઓને માહિતી પ્રાપ્ત થયેલ નથી.

વિવાદી દ્વારા અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-'ક' ના ક્રમ-૩ની જોગવાઈઓ અનુસાર, જોઈતી માહિતીની માંગણી કરવામાં આવેલ ન હોવાથી, આયોગના પરામર્શ અન્વયે, ઉપસ્થિત રહેલ વિવાદીના પ્રતિનિધિ જણાવે છે કે, તેઓ દ્વારા હવે પછી જોઈતી માહિતીની ચોકકસ વિગતો દર્શાવીને નવેસરથી માહિતી માંગવામાં આવશે અને તેઓએ ઉકત તમામ અપીલ દફ્તરે કરવા સંમતિ દર્શાવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આજ રોજ રજૂ થયેલ કુલ-૧૭(સત્તર) અપીલ પૈકી ઉકત ૮(આઠ) અપીલ સિવાય નીચેની અન્ય ૬(છ) અપીલ અન્વયે પણ વિવાદી દ્વારા અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-ક ના ક્રમ-૩ની જોગવાઈઓ અનુસાર જોઈતી માહિતીની ચોકકસ વિગતો દર્શાવ્યા સિવાય માહિતીની માંગણી કરવામાં આવેલ છે.

| અપીલ નંબર | અપીલ નંબર |
|---|---|
| અ-૦૭૨૮-૨૦૨૩ | અ-૦૭૫૭-૨૦૨૪ |
| અ-૦૭૩૬-૨૦૨૩ | અ-૧૮૨૨-૨૦૨૪ |
| અ-૦૭૫૫-૨૦૨૪ | અ-૬૧૭૨-૨૦૨૩ |

**આમ, વિવાદીની સુનાવણી માટે રજૂ થયેલ કુલ-૧૭ અપીલ પૈકી કુલ-૧૪ અપીલમાં (૮૨% અપીલમાં) અધિનિયમની જોગવાઈઓ અનુસાર માહિતી માંગવામાં આવેલ નથી.**

**ઉકત વિગતે, ઉકત તમામ ૮(આઠ) બીજી અપીલ દફતરે કરવામાં આવે છે.**

**વિવાદી દ્વારા વિશાળ સંખ્યામાં અરજીઓ કરીને માંગવામાં આવતી માહિતીના કારણે કોઈ એક વ્યકિત દ્વારા કરવામાં આવતી અરજીઓના કારણે જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થઈ રહ્યો હોવાથી, આયોગને નીચેની બાબતો ધ્યાને લઈને, વિવાદી દ્વારા અયોગ્ય/અતિ/અપ્રમાણસર રીતે વિવિધ જાહેર સત્તામંડળોના સ્ત્રોતોનો ઉપયોગ ન થાય તે માટેના ઉપાયો માટે વિચારણા કરવી જરૂરી જણાઈ છે.**

**(૧) સુપ્રિમ કોર્ટ દ્વારા સી.એ.નં.૬૪૫૪/૨૦૧૧માં તા.૦૯-૦૮-૨૦૧૧ના રોજ આપવામાં આવેલ ચુકાદાના ફકરા ક્રમાંક-૩૫ અને ૩૭ સહિત ચુકાદામાં કરવામાં આવેલ વિવિધ અવલોકનો ધ્યાને લેવામાં આવેલ છે. ફકરા ક્રમાંક-૩૫ અને ૩૭ની વિગતો નીચે મુજબ છે.**

'Para-35 At this juncture, it is necessary to clear some misconceptions about the RTI Act. The RTI Act provides access to all information that is available and existing. This is clear from a combined reading of section 3 and the definitions of 'information' and 'right to information' under clauses (f) and (j) of section 2 of the Act. If a public authority has any information in the form of data or analyzed data, or abstracts, or statistics, an applicant may access such information, subject to the exemptions in section 8 of the Act. But where the information sought is not a part of the record of a public authority, and where such information is not required to be maintained under any law or the rules or regulations of the public authority, the Act does not cast an obligation upon the public authority, to collect or collate such non available information and then furnish it to an applicant. A public authority is also not required to furnish information which require drawing of inferences and/or making of assumptions. It is also not required to provide 'advice' or 'opinion' to an applicant, nor required to obtain and furnish any 'opinion' or 'advice' to an applicant. The reference to 'opinion' or 'advice' in the definition of 'information' in section 2(f) of the Act, only refers to such material available in the records of the public authority. Many public authorities have, as a public relation exercise, provide advice, guidance and opinion to the citizens. But that is purely voluntary and should not be

confused with any obligation under the RTI Act.''

"Para-37 Indiscriminate and impractical demands or directions under RTI Act for disclosure of all and sundry information (unrelated to transparency and accountability in the functioning of public authorities and eradication of corruption) would be counter-productive as it will adversely affect the efficiency of the administration and result in the executive getting bogged down with the non-productive work of collecting and furnishing information. The Act should not be allowed to be misused or abused, to become a tool to obstruct the national development and integration, or to destroy the peace, tranquillity and harmony among its citizens. Nor should it be converted into a tool of oppression or intimidation of honest officials striving to do their duty. The nation does not want a scenario where 75% of the staff of public authorities spends 75% of their time in collecting and furnishing information to applicants instead of discharging their regular duties. The threat of penalties under the RTI Act and the pressure of the authorities under the RTI Act should not lead to employees of a public authorities prioritizing `information furnishing', at the cost of their normal and regular duties."

**(૨) સુપ્રિમકોર્ટ દ્વારા સીવીલ અપીલ નંબર ૭૫૭૧/૨૦૧૧માં તા.૦૨/૦૯/૨૦૧૧ (The Institute of Chartered Accountants of India Vs.Shaunak H. Satya &Ors)ના રોજ આપવામાં આવેલ ચૂકાદાના પેરા નં.૨૬ માં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છે:**

" We however agree that it is necessary to make a distinction in regard to information intended to bring transparency, to improve accountability and to reduce corruption, falling under section 4(1)(b) and (c) and other information which may not have a bearing on accountability or reducing corruption. The competent authorities under the RTI Act will have to maintain a proper balance so that while achieving transparency, the demand for information does not reach unmanageable proportions affecting other public interests, which include efficient operation of public authorities and government, preservation of confidentiality of sensitive information and optimum use of limited fiscal resources."

**ઉપરોકત પેરા નંબર-૨૬ માં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે માહિતી અધિકાર અધિનિયમના દુરૂપયોગના કારણે આ અધિનિયમમાં પ્રજા વિશ્વાસ ગુમાવે તેવું ન થાય તે માટે અધિનિયમનો દુરૂપયોગ અટકાવવા કાયદા મુજબ પગલાં ભરવાં જોઈએ.**

**(૩) હાઈકોર્ટ, નવી દિલ્હી દ્વારા W.P(C) No.845/2014માં તા.૦૫/૦૨/૨૦૧૪ના રોજ આપવામાં આવેલા ચૂકાદાના ફકરા નં.૧૦માં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છે.**

"10. Consequently, this Court deems it appropriate to refuse to exercise its writ jurisdiction. Accordingly, present petition is dismissed. This Court is also of the view that misuse of the RTI Act has to be appropriately dealt with, otherwise the public would lose faith and confidence in this "sunshine Act". A beneficent Statute, when made a tool for mischief and abuse must be checked in accordance with law. A copy of this order is directed to be sent by the Registry to Defence and Law Ministry, so that they may examine the aspect of misuse of this Act, which confers very important and valuable rights upon a citizen."

**(૪) વિવાદી દ્વારા માહિતી અધિકાર અધિનિયમની જોગવાઈઓ અન્વયે તેઓને પ્રાપ્ત થયેલ "માહિતીનો અધિકાર"નો અપ્રમાણસર ઉપયોગ થતો હોવાનું આયોગને જણાતું હોવાથી, વિવાદી દ્વારા યોગ્ય અને પ્રમાણસર માહિતીના અધિકારનો ઉપયોગ કરવામાં આવે તે માટે આયોગ દ્વારા વિવાદીને તેઓની અનેક અપીલો અન્વયે અનેક વખત સુનાવણી દરમ્યાન જણાવવામાં આવેલ છે.**

**(૫) આમ છતાં, વિવાદી દ્વારા "માહિતીનો અધિકાર"નો અપ્રમાણસર ઉપયોગ કરવાનુ ચાલુ રાખવામાં આવેલ છે. આમ છતાં, વિવાદીનો અંતરઆત્મા જાગૃત થશે અને તેઓ વાજબી અધિકારને સમજીને, યોગ્ય રીતે અરજી કરશે અને કરવામાં આવતી અરજીઓની સંખ્યામાં ઘટાડો કરશે તેવી આશા સાથે આયોગ દ્વારા સંયમપૂર્વક અને ઉદારતાપૂર્વક વિવાદીની સંખ્યાબંધ અપીલોની સુનાવણી કરી, હુકમો કરવામાં આવેલ છે.**

**(૬) આટલી વિશાળ સંખ્યામાં વિવાદી દ્વારા અરજીઓ કરીને મેળવવામાં આવેલ માહિતીનો વિવાદી દ્વારા કયો (શું) ઉપયોગ કરવામાં આવે છે તે બાબત અનુત્તર રહે છે.**

**(૭) અધિનિયમના આમુખમાં દશાવેલ લોકશાહીના ઉચ્ચ આદર્શોને મૂર્તિમંત કરવાના ઉમદા આશયથી ઘડવામાં આવેલા આવા પવિત્ર અધિનિયમનો અપ્રમાણસર/અનિયંત્રિતઉપયોગ સાથે માહિતી આયોગ સહિત લોકશાહીને વરેલી કોઇ સંસ્થા સંમત થઈ શકે નહીં:**

**(૮) જાહેર સત્તામંડળના સંસાધનોનો ઉપયોગ લોકોપયોગી સેવાઓ પૂરી પાડવા માટે કરવાનો રહે છે. ગણ્યા ગાંઠ્યા નાગરિકો દ્વારા માહિતી અધિકાર અધિનિયમના ઉપયોગના અપ્રમાણસર/અનિયંત્રિત ઉપયોગ થકી તેઓની વ્યવસ્થાઓ ખોરવાય નહીં તે જોવાની પવિત્ર જવાબદારી માહિતી આયોગ સહિત લોકશાહીને વરેલી તમામ સંસ્થાઓની છે.**
**(૯) આયોગ દ્વારા અન્ય એક નાગરિકની અધિનિયમ અન્વયેની વર્તણૂંકના આધારે તેઓની રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનને સંબંધિત કોઈ અરજી ધ્યાને ન લેવા હુકમો કરવામાં આવેલ. આયોગના હુકમ વિરૂદ્ધ વિવાદી દ્વારા હાઈકોર્ટમાં કરવામાં આવેલ આર/એસ.સી.એ.નં. ૧૮૪૧૬-૨૦૨૩, તા.૦૭-૦૧-૨૦૨૫ના હુકમથી "<u>ડીસમીસ્ડ</u>" કરવામાં આવેલ છે.**

**(૧૦) નાછુટકે અધિનિયમના આમુખમાં જણાવ્યા અનુસાર, સંઘર્ષમાં આવતા હિતો વચ્ચે સંવાદિતા સાધવાના અધિનિયમના ઉદ્દેશોને સિદ્ધ કરવાના હેતુસર વિવાદી દ્વારા પ્રમાણસર અરજીઓ કરવામાં આવે તેવું ઠરાવવું આયોગને અનિવાર્ય જણાય છે.**

(૧૧) આવા સંજોગોમાં વિવાદી દ્વારા રજૂ કરવામાં આવતી અપીલ/ફરિયાદનું પ્રમાણ નિયત કરવું આયોગને જરૂરી જણાયું છે અને તેથી ઉદારતાપૂર્વક આયોગ દ્વારા એક કેલેન્ડર વર્ષમાં વધુમાં વધુ ૨૫(પચ્ચીસ) નમૂના-"ક" ની અરજીઓને પ્રસ્તુત અપીલના વિવાદીના કિસ્સામાં પ્રમાણસર ગણવામાં આવે છે. રાજ્યના તમામ નાગરિકો દ્વારા જો ૨૫ અરજીઓ કરવામાં આવે તો પણ વહીવટી તંત્ર ખોરવાઈ જાય! આમ છતાં, તમામ નાગરિકો દ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજીઓ કરવામાં આવતી નહીં હોવાથી તથા અધિનિયમના આમુખમાં દર્શાવેલ આદર્શો અને આયોગને સોંપવામાં આવેલ "સંવાદિતા સાધવાની" ફરજોને ધ્યાને લઈને, વિવાદી દ્વારા પ્રતિ વર્ષ માહિતી અધિકાર અધિનિયમ હેઠળની ૨૫ અરજીઓ વધુ જણાતી હોવા છતાં, આયોગ દ્વારા હાલના તબક્કે વિવાદીના કિસ્સામાં પ્રતિ વર્ષ માહિતી અધિકાર અધિનિયમ હેઠળની ૨૫ અરજીઓ ઉદારતાપૂર્વક પ્રમાણસર ગણવામાં આવે છે.

<u>ઉક્ત વિગતો ધ્યાને લઈને આયોગ દ્વારા વિવાદીને નીચે મુજબ આદેશો આપવામાં આવે છે:</u>

(૧) પ્રસ્તુત હુકમની તારીખથી પ્રત્યેક કેલેન્ડર વર્ષમાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ વધુમાં વધુ ૨૫ અરજીઓ કરી શકશે.

(૨) આવી પ્રત્યેક અરજીમાં વધુમાં વધુ બે પ્રકરણને લગતી અને વધુમાં વધુ ૫(પાંચ) મુદ્દાઓમાં માહિતી માંગી શકશે.

(૩) પ્રસ્તુત હુકમની તારીખ બાદ જાહેર સત્તામંડળને કરવામાં આવતી પ્રત્યેક અરજીમાં તેઓએ નીચે મુજબની બાંહેધરી આપવાની રહેશે.

<u>"આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, આયોગ દ્વારા અપીલ નં. અ-૬૧૬૭-૨૦૨૩ અને અન્યમાં તા.૦૬/૦૨/૨૦૨૫ના રોજ કરવામાં આવેલ હુકમ અનુસાર, કુલ ૨૫ પૈકી પ્રસ્તુત અરજીનો ક્રમાંક ........... છે."</u> આ પ્રકારે બાંહેધરી દર્શાવી, વિવાદીએ તેની નીચે સહી અને તારીખ દર્શાવવાની રહેશે.

<u>રાજ્યના તમામ જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારીઓ અને પ્રથમ અપીલ સત્તાધિકારીઓને જણાવવામાં આવે છે કે,</u> આયોગના ઉક્ત હુકમ પ્રમાણે વિવાદી દ્વારા બાંહેધરી આપવામાં આવેલ ન હોય કે ૨૫ થી વધુ સંખ્યામાં અરજીઓ રજૂ કરવામાં આવેલ હોય તો, બાંહેધરી આપવામાં આવેલ ન હોવાના કારણસર અને/અથવા ૨૫ થી વધુ સંખ્યામાં અરજીઓ રજૂ કરેલ હોવાના કારણોસર વિવાદીની અરજી દફતરે કરવામાં આવે અને તેની વિવાદીને જાણ કરવામાં આવે.

<u>આયોગના સચિવને જણાવવામાં આવે છે કે,</u> આયોગના પ્રસ્તુત હુકમની નકલ રાજ્ય સરકારના તમામ વિભાગો અને વિભાગો હસ્તકના જાહેર સત્તામંડળને મોકલી આપી, તેનો અમલ કરવા માટે જણાવવામાં આવે.

<u>આયોગ દ્વારા રજીસ્ટ્રારને જણાવવામાં આવે છે કે,</u> આયોગના પ્રસ્તુત હુકમ બાદ, રજૂ થતી બીજી અપીલ/ફરિયાદને સંલગ્ન નમૂના-"ક"ની અરજીમાં વિવાદી દ્વારા ઉપર મુજબની બાંહેધરી આપવામાં આવેલ ન હોય અથવા તેઓ દ્વારા એક કેલેન્ડર વર્ષમાં ૨૫ થી વધુ અરજી કરવામાં આવી હોય તો, ૨૫ થી વધુ અરજીઓ સંબંધમાં તેઓની બીજી અપીલ/ફરિયાદ

સુનાવણી માટે રજૂ કરવાની રહેશે નહીં. આવી અપીલ/ફરિયાદ દફતરે કરી, તેની વિવાદીને જાણ કરવામાં આવે.

<u>ઉકત હુકમ અન્વયે ઉકત તમામ અપીલનો નિકાલ કરવામાં આવે છે.</u>

સહી/-
(ડૉ. સુભાષ સોની)
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર

મુકાબલ કરનાર

કાયદા અધિકારી
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

પ્રમાણિત કરનાર

નાયબ સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેકટર-૧૦-એ, ગાંધીનગર
માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ અપીલ બાબત.
અપીલ નં- અ-૨૧૭૮-૨૦૨૪
અપીલ નં- અ-૨૭૩૯-૨૦૨૪

વિવાદી : શ્રી નાનજીભાઈ કાળુભાઈ જીતીયા
ઈન્દિરા આવાસ યોજના,
મુ.પો.ખેરાળી, વણકરવાસ
તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર - ૩૬૩૦૨૦

વિરુધ્ધ

પ્રતિવિવાદી :
(૧) જાહેર માહિતી અધિકારી
ચીટનીશ ટુ ધી કલેકટર(રેવન્યુ-૨ શાખા)
કલેકટરશ્રીની કચેરી
જીલ્લા સેવા સદન,
સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૨

(૨) જાહેર માહિતી અધિકારી
ચીટનીશ ટુ ધી કલેકટર
કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,
જમીન-૧/૨ શાખા, જીલ્લા સેવા સદન,
ટાવર રોડ, સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૧

(૨) અપીલ સત્તાધિકારી
નિવાસી અધિક કલેકટર
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,
જન સેવા કેન્દ્ર, જિલ્લા સેવા સદન,
ટાવર રોડ, સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૧

તા. ૧/૨/૨૦૨૫
ડૉ. સુભાષ સોની,
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત રાજ્ય સમક્ષ

(૧) સુનાવણીની તારીખ : ૨૯/૦૧/૨૦૨૫

(૨) આયોગ સમક્ષ રજૂ થયેલ કાગળોની વિગત:-

| ક્રમ | વિગત | અ-૨૧૭૮-૨૦૨૪ | અ-૨૭૩૯-૨૦૨૪ |
|---|---|---|---|
| (i) | નમૂના-કની અરજી | ૧૩/૦૩/૨૦૨૪ | ૦૩/૦૪/૨૦૨૪ |
| (ii) | જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર | ૨૬/૦૩/૨૦૨૪ | ૩૦/૦૪/૨૦૨૪ |

| | | | |
|---|---|---|---|
| | | ૦૬/૦૪/૨૦૨૪<br>૧૯/૦૪/૨૦૨૪ | |
| **(iii)** | પ્રથમ અપીલ | ૩૦/૦૩/૨૦૨૪ | ૦૪/૦૫/૨૦૨૪ |
| **(iv)** | પ્રથમ અપીલ અધિકારીનો હુકમ | ૨૪/૦૪/૨૦૨૪ | ૩૦/૦૫/૨૦૨૪ |
| **(v)** | બીજી અપીલ | ૦૨/૦૫/૨૦૨૪ | ૦૭/૦૬/૨૦૨૪ |
| **(vi)** | વિવાદીની રજૂઆત | ૨૦/૦૧/૨૦૨૫ | ૨૦/૦૧/૨૦૨૫ |
| **(vii)** | જાહેર માહિતી અધિકારીનો અહેવાલ | ૨૪/૦૭/૨૦૨૪ | |
| **(viii)** | પ્રથમ અપીલ અધિકારીનો અહેવાલ | ૩૧/૦૭/૨૦૨૪ | ૩૧/૦૭/૨૦૨૪ |

(3) <u>સુનાવણીમાં ઉપસ્થિત પક્ષકારોઃ-</u>

વિવાદી : **શ્રી નાનજીભાઇ કાળુભાઇ જીતીયા ઉપસ્થિત રહેલ નથી.**

પ્રતિવિવાદી: (૧) **જાહેર માહિતીઅધિકારી અને ચીટનીશ ટુ ધી કલેકટર(રેવન્યુ-૨ શાખા),જીલ્લા સેવા સદન, સુરેન્દ્રનગર શ્રી રવિભાઇ ડોડિયા, નાયબ મામલતદાર વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.**

(૨) **શ્રી સુરેશભાઇ જાસપરા, જાહેર માહિતી અધિકારી અને ચીટનીશ ટુ ધી કલેકટર, કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જમીન-૧/૨ શાખા, જીલ્લા સેવા સદન, સુરેન્દ્રનગર વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.**

(3) **પ્રથમ અપીલ સત્તાધિકારી અને નિવાસી અધિક કલેકટર, કલેકટર અને જિલ્લા**

મેજીસ્ટ્રેટની કચેરી, સુરેન્દ્રનગર વતી શ્રી
પી.જે.દવે, પી.આર.ઓ. વીડિયો કૉન્ફરન્સના
માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

(૪) <u>ઉક્ત બન્ને અપીલ અન્વયે આયોગ સમક્ષ રજૂ થયેલ વિવાદીની બીજી અપીલની ટૂંકી વિગતોઃ-</u>

જાહેર માહિતી અધિકારીએ સમયમર્યાદા બાદ અધૂરી, ખોટી અને વણમાંગેલ માહિતી આપેલ છે. નિયત સમયમર્યાદામાં અરજી તબદીલ કરેલ નથી. પ્રથમ અપીલ સત્તાધિકારીએ સુનાવણીમાં રજૂઆતની તક આપ્યા વગર હુકમ કરેલ છે. આથી, વિનામૂલ્યે માહિતી અપાવવા, ખર્ચ અને વળતર અપાવવા, જાહેર માહિતી અધિકારીને દંડ કરવા અને કાર્યવાહી માટે ભલામણ કરવા રજૂઆત કરેલ છે.

(૫) <u>આયોગ સમક્ષ સુનાવણી અને હુકમ:-</u>

આયોગ દ્વારા વિવાદીની લેખિત રજૂઆત ધ્યાને લેવામાં આવેલ છે.

આયોગ દ્વારા વિવાદીની જુદી જુદી કુલ ૧૧(અગિયાર) બીજી અપીલની સુનાવણી આજે યોજવામાં આવેલ છે. આ તમામ અપીલો સંબંધિત નમૂના-“ક”ની અરજીની વિગતો જોતા, વિવાદી દ્વારા જણાવવામાં આવેલ છે કે, તેઓ બી.પી.એલ. ધારક હોવાથી, માહિતી મફત મળવાપાત્ર છે તથા તેઓએ સરકારશ્રીની ઓનલાઈન કે વેબસાઈટનો જાતે ઉપયોગ કરીને, ખર્ચકરીને માહિતી લેવાની થતી નથી.

આજરોજ રજૂ થયેલ તમામ બીજી અપીલને સંબંધિત રજૂઆતો જોતા, વિવાદી દ્વારા મોટા ભાગે એક જ પ્રકારની રજૂઆત કરવામાં આવેલ છે. બીજી અપીલ અન્વયે વિવાદી દ્વારા રજૂઆતો કરવામાં આવેલ છે કે, તેઓ બી.પી.એલ. ધારક હોવાથી, માહિતી વિનામૂલ્યે મળવાપાત્ર છે. રૂબરૂ ઉપસ્થિત થવાનો ખર્ચ થતો હોવાથી, રૂબરૂ હાજર રહેલ નથી. તેઓની રજૂઆત ધ્યાને લઈને હુકમો કરવામાં આવે. પ્રથમ અપીલ સત્તાધિકારી દ્વારા ગુણદોષના આધારે નિષ્પક્ષીય હુકમ કરવામાં આવતા નથી. આયોગ દ્વારા તેઓની રજૂઆત ધ્યાને લીધા સિવાય અપીલ નામંજૂર/દફતરે કરવામાં આવે છે.

વિવાદી દ્વારા તેઓની નમૂના-“ક”ની મોટાભાગની અરજીઓ અન્વયે જુદી જુદી બાબતો ઉપસ્થિત કરીને પ્રત્યેક બાબતે લેવામાં આવેલ નિર્ણય સંબંધમાં સરકારશ્રીના લાગુ પડતા પરિપત્ર, ઠરાવ, નિતિ, નિયમોની વિગતો સહિત આધાર પુરાવાની માહિતી માંગવામાં આવેલ છે.

માહિતી અધિકાર અધિનિયમમાં માહિતી માંગવા માટે નીચે મુજબ જોગવાઈ કરવામાં આવી છે.

- <u>કલમ-૬(૧)</u> : ''આ અધિનિયમ હેઠળ કોઈ માહિતી મેળવવા માંગતી વ્યક્તિએ, અંગ્રેજી અથવા હિન્દી અથવા જે વિસ્તારમાં અરજી કરવામાં આવતી હોય તેની રાજભાષામાં લેખિતમાં અથવા ઈલેક્ટ્રોનિક માધ્યમ મારફતે અને ઠરાવવામાં આવે તેટલી ફી સાથે <u>તેણે અથવા તેણીએ માંગેલી માહિતીની વિગતો નિર્દિષ્ટ કરીને</u>.......''

- માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-"ક"ના ક્રમ-(૩)ની જોગવાઈઓ નીચે મુજબ છે.

| ક્રમ નં. | <u>જરૂરી માહિતીની ચોક્કસ બાબતો/વિગતો(ટૂંકમાં)</u> | <u>જરૂરી માહિતીનો ચોક્કસ સમયગાળો</u> |
|---|---|---|

- માહિતી અધિકાર અધિનિયમની કલમ – ૭ (૯) માં માહિતી માંગવા સંબંધમાં નીચે મુજબ જોગવાઈ કરવામાં આવી છે.

<u>કલમ-૭(૯)</u> : ''સામાન્ય રીતે માહિતી જે સ્વરૂપમાં માંગવામાં આવી હોય તે સ્વરૂપમાં જ પૂરી પાડવી જોઈશે, સિવાય કે તેનાથી જાહેર સત્તામંડળના સ્ત્રોતો અપ્રમાણસર રીતે બદલાય અથવા વિવાદગ્રસ્ત રેકર્ડની સલામતી અને જાળવણીને હાનિ થાય તેમ હોય.''

આમ, વિવાદીએ માહિતી અધિકાર અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-"ક"ના ક્રમ-(૩)ની જોગવાઈઓ અનુસાર, <u>જોઈતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવીને માહિતીની માંગણી કરવાની રહે છે. આવી માહિતી માંગતી વખતે જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થવો જોઈએ નહીં.</u>

વિવાદી દ્વારા જે રીતે માહિતી માંગવામાં આવે છે તે રીત અધિનિયમની જોગવાઈઓ સાથે સુસંગત નથી. આ રીતે માહિતી માંગવાથી, ઉકત જોગવાઈઓ અનુસાર, તેઓને કોઈ માહિતી મળવાપાત્ર નથી. વિવાદી દ્વારા વિશાળ સંખ્યામાં અરજીઓ કરીને માંગવામાં આવતી માહિતીના કારણે કોઈ એક વ્યક્તિ દ્વારા કરવામાં આવતી અરજીઓના કારણે જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થઈ રહ્યો છે.

વિવાદી દ્વારા માંગવામાં આવેલ માહિતી પરત્વે સામાન્યત: રીતે સંબંધિત જાહેર માહિતી અધિકારીઓ દ્વારા અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-"ક"ના ક્રમ-(૩)ની જોગવાઈઓ અનુસાર જોઈતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવીને માહિતી માંગવા માટે જણાવવામાં આવે છે

અને/અથવા જે તે જાહેર સત્તામંડળની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ પ્રો-એકિટવ ડિસ્કલોઝરમાંથી માહિતી મેળવી લેવા માટે સંબંધિત જાહેર સત્તામંડળની વેબસાઈટના ચોકકસ વેબપેજ લીંકની માહિતી વિવાદીને આપવામાં આવતી હોવા છતાં, વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ માહિતી મેળવી લેવાના બદલે વિવાદી દ્વારા પ્રથમ અપીલ અને ત્યારબાદ બીજી અપીલ કરવાનું પસંદ કરવામાં આવે છે.

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની જોગવાઈઓ અનુસાર, જે માહિતી જાહેર સત્તામંડળ પાસે જ છે અને નાગરિકો મેળવી શકતા નથી તેવી જ માહિતી માંગવાની રહે છે. સ્વંયપ્રસિધ્ધ કરેલી માહિતી બી.પી.એલ. કાર્ડધારક સહિત તમામ નાગરિકે જાતે મેળવી લેવાની રહે છે. **Public Domain**માં મૂકવામાં આવેલ માહિતી ‘‘જાહેર’’ હોવાથી, તેની માંગણી અનુચિત છે.

(૧) અગાઉ આયોગ દ્વારા અપીલ નં.અ-૪૪૨૦-૨૦૨૧માં તા.૩૧/૦૧/૨૦૨૨ના રોજ હુકમો કરીને વિવાદીને નીચે મુજબ જણાવવામાં આવેલ છે.

‘‘.....તેઓની માંગણી પૈકી મોટાભાગની માહિતી www.charitycommissioner.gujarat.gov.in વેબસાઈટ પર ઉપલબ્ધ છે. વેબસાઈટ પરથી પણ તેઓ માહિતી મેળવી શકે છે.....’’

(૨) અગાઉ આયોગ દ્વારા અપીલ નં.અ-૩૩૬૦-૨૦૨૨માં તા.૦૭/૧૨/૨૦૨૨ના રોજ હુકમો કરીને વિવાદીને નીચે મુજબ જણાવવામાં આવેલ છે.

‘‘.......વિવાદીની વિસ્તૃત મુદ્દાઓમાં અને અવાર-નવાર માહિતી માંગતી વિવિધ અરજીઓ કરી જાહેર હિત વિરૂધ્ધની અને જાહેર સત્તામંડળના કામમાં અવરોધરૂપ કાર્યવાહી કરવાની ચેષ્ટાને ધ્યાને લઇ આયોગ વિવાદી શ્રી નાનજીભાઇ કાળુભાઇ જીતીયાને ચેતવણી આપે છે કે હવે પછી માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ માંગવામાં આવતી માહિતી બાબતે વિવેકપૂર્ણ રીતે અધિકારનો ઉપયોગ કરવો. જાહેરહિતની હોય માત્ર તેવી જ મર્યાદિત માહિતી માંગતી અરજી કરવી અન્યથા આયોગ દ્વારા તેમની કોઇ પણ અરજી રાજયના કોઇ પણ જાહેર સત્તામંડળના કોઇ પણ જાહેર માહિતી અધિકારીને મળે તો, તે માટે અરજી ફી ભરી, તેમજ જે માહિતી આપવામાં આવે તે માટે નિયત ફી વસૂલ કરીને જ પૂરી પાડવા આયોગને હુકમ કરવાની ફરજ પડશે. તેમજ બિનઉપયોગી અને દ્વેષભાવનાવાળી અરજી અન્વયે આ પ્રકારની અરજીઓના જવાબો, પ્રથમ અપીલ અને બીજી અપીલ અન્વયે જાહેર સત્તામંડળ દ્વારા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવતી માહિતી ઉપર પ્રતિબંધ મૂકવા અંગે અને જાહેર સત્તામંડળને કરવા પડતા સમયના વ્યયની કિંમત તેઓ પાસેથી વસૂલવાની આયોગને ફરજ પડશે.....’’

(૩) અગાઉ આયોગ દ્વારા અપીલ નં.અ-૪૨૯૧-૨૦૨૨ અને અન્ય અપીલમાં તા.૧૫/૦૨/૨૦૨૨ના રોજ હુકમો કરીને વિવાદીને નીચે મુજબ જણાવવામાં આવેલ છે.

‘‘.......નમૂના-કની અરજીના મુદ્દા નં.(૧) થી (૮) માં તેઓએ અનઅધિકૃત દબાણ તથા અન્ય મુદ્દાઓ સંદર્ભે માર્ગદર્શન સ્વરૂપે સરકારના વિવિધ પરિપત્રો, ઠરાવો, નીતિ નિયમો

વગેરેની નકલોની માંગણી કરેલ છે. રાજય સરકારના પરિપત્રો, ઠરાવો, નીતિ નિયમો, મહેસૂલ વિભાગની વેબસાઈટ ઉપર ઓનલાઈન ઉપલબ્ધ છે. કલેકટર કચેરીના વેબસાઈટ ઉપર પણ આ વિગતો ઉપલબ્ધ છે. જો અરજદારને આવા કોઈ પરિપત્રોની જરૂર હોય તો, તેઓએ વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી શકે છે. જે મુદ્દાઓની માહિતી **Public Domain** માં મૂકી દેવામાં આવી હોય પછી તે માહિતી માટે સંબંધિત જાહેર માહિતી અધિકારી કસ્ટોડીય ગણાતા નથી. આ પ્રકારની માહિતી કોઈ પણ નાગરિક માટે ઓનલાઈન ઉપલબ્ધ છે. તેમાંથી તેઓ ડાઉનલોડ કરી શકે છે. વળી, સંબંધિત ઠરાવ, પરિપત્રો કે નીતિ નિયમોની જોગવાઈઓનું અર્થઘટન કરીને પૂરી પાડવાની કોઈ જોગવાઈ માહિતી અધિકાર અધિનિયમમાં નથી. માહિતી જે સ્વરૂપે ઉપલબ્ધ હોય તે સ્વરૂપે જ આપવાપાત્ર બને છે. આથી, આ મુદ્દાઓ સંદર્ભે સંબંધિત જાહેર માહિતી અધિકારીઓ દ્વારા જે જવાબો પાઠવવામાં આવેલ છે. જે યોગ્ય છે. વિવાદીને વારંવાર રેકર્ડ નિરીક્ષણની તક આપવામાં આવેલ છે.પરંતુ, તેઓ રેકર્ડ નિરીક્ષણ માટેઉપસ્થિત રહેતા નથી. જાહેર માહિતી અધિકારી અને મામલતદાર, વઢવાણ દ્વારા પણ રજૂઆત કરી કે, તેઓની વેબસાઈટ ઉપર જરૂરી ઠરાવો ઉપલબ્ધ છે અને તલાટી કમ મંત્રીએ કરેલ સ્પષ્ટતા યોગ્ય છે...”

આમ છતાં, વિવાદી દ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અપ્રમાણસર અરજીઓ કરવાનું ચાલુ રાખવામાં આવેલ છે.

આયોગ પાસે ઉપલબ્ધ માહિતી અનુસાર વિવાદી દ્વારા આયોગ સમક્ષ છેલ્લા દશ વર્ષમાં, વર્ષવાર નીચે મુજબની બીજી અપીલ/ફરિયાદ રજૂ કરવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | આયોગમાં રજૂ થયેલ બીજી અપીલ/ફરિયાદની સંખ્યા |
|---|---|---|
| 1 | 2016 | 23 |
| 2 | 2017 | 20 |
| 3 | 2018 | 22 |
| 4 | 2019 | 69 |
| 5 | 2020 | 0 |
| 6 | 2021 | 82 |
| 7 | 2022 | 90 |
| 8 | 2023 | 51 |
| 9 | 2024 | 78 |
| 10 | 2025 | 13 |
| | Total | 448 |

આયોગને અનુભવે જણાયું છે કે, વિવાદી પ્રથમ અપીલની કે બીજી અપીલની સુનાવણીમાં ઉપસ્થિત રહેતા નથી. વિવાદી દ્વારા અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-“ક”ના ક્રમ-(૩)ની જોગવાઈઓ અનુસાર જોઈતી માહિતીની ચોકકસ વિગતો દર્શાવીને માહિતીની

માંગણી કરવામાં આવતી નથી. વિવાદી દ્વારા જે તે જાહેર સત્તામંડળની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ હોય તેવી માહિતી માંગવામાં આવે છે.

<u>ઉક્ત પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત અપીલને સંબંધિત હકીકતો અને નિર્ણય</u>

અપીલ ક્રમાંક- અ-૨૧૭૮-૨૦૨૪ને સંબંધિત આયોગ પાસે ઉપલબ્ધ વિવાદીની તા.૧૩/03/૨૦૨૪ની અરજીને વિગતો જોતા, વિવાદી દ્વારા વિવિધ બાબતો અંગેના કુલ-૧૧ મુદ્દાઓમાં સરકારશ્રીના પરિપત્ર, ઠરાવ, નિતિ, નિયમ વગરેના આધાર-પુરાવાની માહિતીની માંગણી કરવામાં આવેલ છે.

વિવાદી દ્વારા જોઇતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવવામાં આવેલ ન હોવાથી, જાહેર માહિતી અધિકારી દ્વારા રાજ્ય સરકારના મહેસુલ વિભાગની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ GR Bookના ચોક્કસ વેબપેજ લીંકની માહિતી વિવાદીને તા.૨૬/03/૨૦૨૪ અને તા.૧૯/0૪/૨૦૨૪ના પત્રોથી મોકલી આપવામાં આવેલ છે, જેને પ્રથમ અપીલ સત્તાધિકારી દ્વારા યોગ્ય ઠરાવવામાં આવેલ છે.

અપીલ ક્રમાંક- અ-૨૭૩૯-૨૦૨૪ને સંબંધિત વિવાદીની તા.0૩/0૪/૨૦૨૪ની અરજીના કુલ ૧૪ મુદ્દાઓ અન્વયે વિવાદી દ્વારા વિવિધ બાબતો અંગેના રાજ્ય સરકારના પરિપત્ર, ઠરાવ, પદ્ધતિઓ, નિર્ણયો, નિતિ, નિયમોના આધાર-પુરાવાની માહિતી માંગવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારી દ્વારા તા.૩0/0૪/૨૦૨૪ના પત્રથી વિવાદીને જણાવેલ છે કે, તેઓએ માંગેલ માહિતીમાં ચોક્કસ પરિપત્ર/ઠરાવના ચોક્કસ નંબર/તારીખ દર્શાવેલ ન હોવાથી, જોઇતા હુકમના ચોક્કસ નંબર અને તારીખ દર્શાવીને, નવેસરથી અરજી કરવી. આ ઉપરાંત વિવાદીને જણાવવામાં આવેલ છે કે, રાજ્ય સરકારના મહેસુલ વિભાગની વેબસાઇટ પર તેઓ દ્વારા માંગવામાં આવેલ હુકમની માહિતી ઉપલબ્ધ હોવાથી, મહેસુલ વિભાગની વેબસાઇટની ચોક્કસ વેબપેજ લીંકની માહિતી મોકલી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારીના નિર્ણયને પ્રથમ અપીલ સત્તાધિકારીએ યોગ્ય ઠરાવેલ છે.

આયોગ પાસે ઉપલબ્ધ વિવાદીની ઉક્ત અપીલને સંલગ્ન નમૂના-“ક”ની અરજીઓની વિગતો જોતા, વિવાદી દ્વારા અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-“ક”ના ક્રમ-(૩)ની જોગવાઇઓ અનુસાર, જોઇતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવ્યા સિવાય માહિતીની માંગણી કરવામાં આવેલ હોવા છતાં, <u>જાહેર માહિતી અધિકારી દ્વારા મહેસુલ વિભાગની વેબસાઇટની ચોક્કસ વેબપેજ લીંકની માહિતી મોકલી આપવામાં આવેલ હોવાથી આયોગ દ્વારા આપવામાં આવેલ માહિતી “યોગ્ય અને પર્યાપ્ત” ગણવામાં આવે છે.</u>

આમ છતાં, વિવાદીએ અરજીમાં ઉલ્લેખ કરેલ રિવિઝન કેસ નં.૬૨/૨૦૨૨, નોંધ નં.૧૭૮૦૧ અને કાચી નોંધ નંબર ૧૪૧૨૪ સંદર્ભમાં વિવાદીનો મૂળ પ્રશ્ન સમજી, તેઓને જોઇતી માહિતી આપવા માટેના હુકમો થઇ શકે તે હેતુસર આયોગ દ્વારા જાહેર માહિતી અધિકારી સાથે પરમર્શ કરવામાં આવતા જાહેર માહિતી અધિકારી દ્વારા તા.૨૯/૦૧/૨૦૨૫ના પત્રથી નીચે મુજબની હકિકતો આયોગના ધ્યાન ઉપર રજૂ કરવામાં આવેલ છે.

“અરજદારશ્રી દ્વારા અત્રેની કચેરીમાં ચાલી ગયેલ આર.આર.ટી. રીવીઝન કેસ નં.૬૨/૨૦૨૨ બાબતે રજુઆત કરેલ છે જે અંગેના કેસ અનુસાર,

(1) મોજે.ખોડુ તા.વઢવાણ સ.નં.૭૭૮ (જુનો સ.નં.૯૨૭) હે.૧-૫૬-૪૩ આરે વાળી જમીન કાળુભાઇ ગોવાભાઇ વિ ના નામે ચાલે છે જે પૈકી કાળુભાઈ ગોવાભાઈનું તા.૧૩/૧૦/૨૦૧૦ના રોજ અવશાન થતા તેઓના સીધીલીટીના વારસો નાનજીભાઈ કાળુભાઇ જીતીયા, લક્ષ્મીબેન કાળુભાઇ જીતીયા, મનજીભાઇ કાળુભાઇ જીતીયાનું નામ ગામ દફતરે દાખલ કરવા અરજી રજુ થતા, ગામ દફતરે વારસાઇ અંગેની ફેરફાર નોંધ નં.૧૪૧૨૪ તા.૦૩/૦૩/૨૦૧૪ ના રોજ દાખલ થયેલ જે નોંધ તા.૦૨/૦૬/૨૦૧૪ ના રોજ મામલતદારશ્રી, વઢવાણ દ્વારા ૧૩૫-ડી ની નોટીસ બજેલ ન હોય, પેઢીઆંબો વર્ષ-૨૦૧૦ નો છે, વારસદારોની ખરાઇ થતી ન હોય નોંધ નામંજુર કરેલ છે.

(2) પેરા-૧ માં જણાવેલ વારસાઈ નોંધ નં.૧૪૧૨૪ નામંજુર થતા તે નિર્ણય

સામે અરજદારશ્રી નાનજીભાઇ કાળુભાઇ જીતીયા દ્વારા નાયબ કલેકટરશ્રી, વઢવાણની કોર્ટમાં અપીલ અરજી દાખલ કરેલ જે અપીલ અરજી ચાલી જતા તેઓના તા.૨૧/03/૨૦૨૨ના હુકમ ક્રમાંક.આર.આર.ટી. અપીલ નં.૨૪/૨૦૨૨ થી અરજદારશ્રી દ્વારા આશરે ૭ વર્ષના વિલંબથી અપીલ અરજી કરેલ હોય તેમજ વિલંબ માફી અંગેના જણાવેલ કારણો વ્યાજબી જણાતા ન હોય કે તેના સમર્થનમાં કોઇ ચોક્કસ પુરાવા રજુ કરેલ ન હોય તેમજ મુદત તા.૨૧/03/૨૦૨૨ ના રોજ મુદતે પેઢીઆંબો, સોગંદનામુ રજુ કરવા જણાવતા તેઓ કોઇ આધાર પુરાવા રજુ રાખવા માંગતા નથી તેમ જણાવેલ હોય, સદર અપીલ અરજી વિલંબના મુદ્દે તથા ગુણદોષના આધારે નામંજુર કરવા હુકમ કરવામાં આવેલ જેની ગામ દફતરે હુકમી નોંધ નં. ૨૨/0૬/૨0૨3 ના રોજ દાખલ થયેલ અને તા.૧૦/૦૭/૨૦૨૩ ના રોજ નોંધ પ્રમાણિત કરવામાં આવેલ.

(3) પેરા-ર માં જણાવેલ નાયબ કલેકટરશ્રી, વઢવાણના તા.૨૧/03/૨૦૨૨ ના હુકમ ક્રમાંક આર.આર.ટી. અપીલ નં.૨૪/૨૦૨૨ સામે અત્રેની કોર્ટમાં તા.૧૮/0૪/૨૦૨૨ ના રોજ જમીન મહેસૂલ નિયમોના નિયમ-૧૦૮(૬) હેઠળ રીવીઝન અરજી દાખલ કરતા, કેસ નં.આર.આર.ટી. રીવીઝન કેસ નં.૬૨/૨૦૨૨ થી કેસ રજીસ્ટરે લેવામાં આવેલ જેની પ્રથમ મુદત તારીખ ૨૫/0૧/૨0૨3 મુકરર કરવામાં આવેલ ત્યારબાદ ઉત્તરોત્તર મુદતોને અંતે મુદત તારીખ ૨૫/0૭/૨૦૨૪ ના રોજ કામ ઠરાવ પર લેવામાં આવેલ.

(4) ત્યારબાદ તા.૨૦/0૯/૨0૨3 ના રોજ ઠરાવ બહાર પાડવામાં આવેલ જે ઠરાવના તારણની ટુકી વિગત નીચે મુજબ છે,

મોજે.ખોડુ તા.વઢવાણ સ.નં.૭૭૮ (જુનો સ.નં. ૯૨૭) વાળી જમીન અરજદારશ્રીના સ્વ. પિતાશ્રી કાળુભાઈ ગોવાભાઇ વિગેરેના સયુંકત નામે ચાલે છે. અરજદારશ્રીના પિતાશ્રી કાળુભાઇ ગોવાભાઇનું તા.૧૩/૧૦/૨૦૧૦ ના રોજ અવશાન થયા બાદ વારસાઈ નોંધ દાખલ કરવા અરજી કરતા સવાલવાળી જમીનમાં વારસાઇ અંગેની નોંધ નં.૧૪૧૨૪ તા.03/03/૨૦૧૪ ના રોજ દાખલ થયેલ, પરંતુ ૧૩૫-ડી ની નોટીસ બજેલ ન હોય તથા પેઢીઆંબો વર્ષ-૨૦૧૦ નો

હોઇ, વારસદારોની ખરાઇ થતી ન હોવાનું કારણ જણાવી મામલતદારશ્રી, વઢવાણે તા.૦૨/૦૬/૨૦૧૪ ના રોજ નામંજુર કરવામાં આવેલ જે નિર્ણય નારાજ થઇ અરજદારશ્રી દ્વારા નાયબ કલેકટરશ્રી, વઢવાણ સમક્ષ તા.૧૧/૧૧/૨૦૨૧ ના રોજ અપીલ કરતા, નાયબ કલેકટરશ્રી, વઢવાણના આર.આર.ટી. અપીલ નં.૨૪/૨૦૨૨ તા.૨૧/૦૩/૨૦૨૨ ના હુકમથી સમયમર્યાદાના તથા ગુણદોષના આધારે અપીલ અરજી સ્વીકારવાપાત્ર ન હોય, નામંજુર કરવા હુકમ કરવામાં આવેલ પરંતુ સવાલવાળી જમીન આ કામના અરજદારના ગુજરનાર પિતા તથા અન્યના સંયુકત નામે ચાલે છે તથા સરકારશ્રીના જોગવાઇ મુજબ મરણ જનાર ખાતેદારના સીધીલીટીના વારસોના નામો દાખલ કરવા ફરજીયાત છે તેમ જ વિલંબના કારણે અરજદારને તેઓના વારસા હકકથી વંચિત રાખી શકાય નહી જે ધ્યાને લેતા અરજદારશ્રીની રીવીઝન અરજી અંશત મંજુર કરવામાં આવેલ અને મોજે ખોડુ તા.વઢવાણ સ.નં૭૭૮ (જુની સ.નં.૯૨૭) હે.૧-૫૬-૪૩ આરે વાળી જમીન પરત્વેની વારસાઇ અંગેની નોંધ નં.૧૪૧૨૪, તા.૦૩/૦૩/૨૦૧૪ નામંજુર કરવા અંગેનો મામલતદારશ્રી વઢવાનો તા.૦૨/૦૬/૨૦૧૪ નો નિર્ણય તથા નાયબ કલેક્ટરશ્રી, વઢવાણનો આર.આર.ટી. અપીલ નં.૨૪/૨૦૨૨ તા.૨૧/૦૩/૨૦૨૨ નો નિર્ણય રદ કરવા હુકમ કરવામાં આવેલ અને સાથે સાથે અરજદારશ્રીએ મરણના દાખલા, તાજેતરના પેઢીઆંબો, વારસાઇ અંગેનું સોગંદનામું તથા તમામ સહહિસ્સેદારોના પત્રવ્યવહારના સરનામાં તથા અન્ય જરૂરી તમામ આધાર પુરાવા સાથે મામલતદાર કચેરી, વઢવાણ ખાતે નવેસરથી અરજી કરવાની રહેશે તેમ જ રજુ થયેલ અરજી અન્વયે ધોરણસરની નોંધ દાખલ કરવા તેમજ સદરહું નોંધ પરત્વે રેકર્ડઓફ રાઇટસના ધોરણે યોગ્ય તે નિર્ણય કરવા મામલતદારશ્રી, વઢવાણને જણાવવામાં આવે છે એ મુજબ તારણ કાઢી હુકમ કરવામાં આવેલ છે જે અંગેની હુકમી નોંધ નં. ૧૭૮૦૧ તા. ૧૦/૧૦/૨૦૨૩ ના રોજ દાખલ થઈ તા.૨૫/૧૦/૨૦૨૩ ના રોજ પ્રમાણિત થયેલ છે.

(5) પેરા-૪ માં જણાવેલ અત્રેના હુકમ સામે અરજદારશ્રી દ્વારા સચિવશ્રી, મહેસૂલ વિભાગ(વિવાદ), અમદાવાદ ખાતે જમીન મહેસૂલ નિયમનો નિયમ-૧૦૮(૬-એ) હેઠળ ફેરતપાસ અરજી દાખલ કરેલ જેનો કેસ નં.મવિવિ/હકપ/સનર/૫૦/૨૦૨૩

દાખલ થયેલ જે ચાલી જતા તા.૦૪/૦૬/૨૦૨૪ના હુકમથી અરજદારશ્રીની ફેરતપાસ અરજી નામંજુર કરવામાં આવેલ જે અંગેની હુકમી નોંધ નંબર ૧૮૧૨૧ તા. ૧૮/૦૬/૨૦૨૪ ના રોજ દાખલ થયેલ અને તા.૦૪/૦૭/૨૦૨૪ ના રોજ પ્રમાણિત થયેલ છે.

આમ, ઉપરોકત વિગતે હકિકત હોય અરજદારશ્રીની નોંધ/અપીલ/રીવીઝન અરજી ઉત્તરોત્તર નામંજુર/અંશતઃમંજુર થયેલ હોય તેમજ છેલ્લે મહેસૂલ વિભાગ(વિવાદ), અમદાવાદની કોર્ટમાં ફેરતપાસ અરજી નામંજુર થયેલ હોય, હવે સદર બાબતે કોઇ વાંધો કે તકરાર હોય તો અરજદારશ્રીએ સચિવશ્રી, મહેસૂલ વિભાગ (વિવાદ), અમદાવાદના તા.૦૪/૦૬/૨૦૨૪ના હુકમ ક્રમાંક, મવિવિ/હકપ/સનર/૫૦/૨૦૨૩ ના નિર્ણય સામે અરજદારશ્રીને સક્ષમ કોર્ટમાં અરજી દાખલ કરી યોગ્ય તે દાદ મેળવી લેવાની રહે.

વધુમાં, આપ સાહેબશ્રીનું ધ્યાન દોરવાનું કે, આપ સાહેબશ્રીની કોર્ટમાં ચાલી ગયેલ બીજી અપીલ નંબર ૫૫૪૧/૨૦૨૩ તથા બીજી અપીલ નંબર ૫૪૩૭/૨૦૨૩ ના ક્રમશ: તા.૨૫/૧૦/૨૦૨૪ તથા તા.૨૮/૧૦/૨૦૨૪ના વચગાળાના હુકમથી ઉકત અરજદારશ્રીની રજુઆત પરત્વે સંયુકત ટીમની રચના કરી, અરજદારશ્રીની મુલાકાત લઇ અહેવાલ મોકલી આપવા જણાવતા અત્રેના તા.૧૧/૧૨/૨૦૨૪ ના પત્ર નં.જસપ/વશી-૩૦૨૭/૧૨/૨૦૨૪ થી વિગતવાર અહેવાલ આપ સાહેબશ્રીને મોકલી આપેલ છે જેની ટુંકી વિગત નીચે મુજબ છે.

"આપ સાહેબશ્રીના વચગાળાના હુકમ પરત્વે અત્રેથી તમામ સંબંધિત જાહેર માહિતી અધિકારી અને પ્રથમ અપીલ અધિકારીશ્રીની સંયુકત ટીમની રચના કરી, અરજદારશ્રીના રહેણાંકના સ્થળે રૂબરૂ મુલાકાત કરી તેઓને જરૂરી માહિતી સંદર્ભે વિગતવાર પુછતાછ કરવામાં આવેલ છે જે સંદર્ભે તેઓની રજુઆત અને પ્રશ્નોને ઉંડાણપૂર્વક અવલોકન કરતા અરજદારશ્રીને તેઓના માગ્યા મુજબની માહિતી પૈકી માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળના નિયમો અનુસાર જે માહિતી આપવા પાત્ર થતી હતી તે તમામ માહિતી

આપવામાં આવેલ છે તેમજ અરજદારશ્રીએ અલગ-અલગ અરજીઓથી જે વર્ણાત્મક અને પ્રશ્નસ્વરૂપે માહિતી માગેલ છે તે આ કાયદા હેઠળ તેઓને મળવાપાત્ર થતી નથી તેવી પણ તેઓને સમજુતી આપવામાં આવેલ છે તેમજ ત્યારબાદ હાજર રહેલ ટીમ દ્વારા અરજદારશ્રીને જણાવવામાં આવેલ કે, કલેકટર કચેરી, સુરેન્દ્રનગરની કોર્ટમાં ચાલી ગયેલ આર.આર.ટી. રીવીઝન કેસ નં.૬૨/૨૦૨૨ ના કામે કરવામાં આવેલ આખરી હુકમ પરત્વે તેઓને શું મુશકેલી છે? તે બાબતે અરજદારશ્રી દ્વારા જણાવેલ કે, આ હુકમ બાબતે થયેલ આજ્ઞા મુજબ મારે કોઈ પુરાવા રજુ કરવા નથી વળી પુરાવા રજુ કર્યા વગર ગામ નમૂના નંબર ૬ માં નોંધ દાખલ કરી દેવી તે સરકારશ્રીની જવાબદારી છે તેવુ અરજદારશ્રીએ મૌખીક રીતે જણાવેલ છે જેથી હાજર ટીમના તમામ સભ્યોએ તેઓને સમજુત કર્યા મુજબ જો કલેકટર સાહેબશ્રી, સુરેન્દ્રનગરના હુકમ સામે વાંધો કે તકરાર હોય તો ઉપરી કોર્ટમાં એટલે કે સચિવશ્રી, મહેસૂલ વિભાગ(વિવાદ), અમદાવાદની કોર્ટમાં અપીલ દાખલ કરવી પડે તે રીતે વિગતવાર તેઓને સમજુત કરવામાં આવેલ છે.”

ઉક્ત અહેવાલની વિગતો ધ્યાને લેતા, માહિતી અધિકાર અધિનિયમની જોગવાઇઓની ઉપરવટ જઇ, વિવાદીનો પ્રશ્ન સમજી, તેઓને જરૂરી માહિતી/માર્ગદર્શન આપવા માટે તમામ પ્રયાસો, તમામ સ્તરેથી કરવામાં આવેલ છે. આમ છતાં, વિવાદી તરફથી હકારાત્મક અને સકારાત્મક પ્રતિભાવ મળતો નથી, તે સ્પષ્ટ થાય છે.

વિવાદી બી.પી.એલ. કાર્ડ ધારક હોવા છતાં, તેઓ દ્વારા વિશાળ સંખ્યામાં અરજીઓ કરીને માંગવામાં આવતી માહિતીના કારણે કોઇ એક વ્યક્તિ દ્વારા કરવામાં આવતી અરજીઓના કારણે જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થઇ રહ્યો હોવાથી, આયોગને નીચેની બાબતો ધ્યાને લઇને, વિવાદી દ્વારા અયોગ્ય/અતિ/અપ્રમાણસર રીતે વિવિધ જાહેર સત્તામંડળોના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ ન થાય તે માટે વિચારણા કરવી જરૂરી જણાઇ છે.

(૧) સુપ્રિમ કોર્ટ દ્વારા સી.એ.નં.૬૪૫૪/૨૦૧૧માં તા.૦૯-૦૮-૨૦૧૧ના રોજ આપવામાં આવેલ ચુકાદાના ફકરા ક્રમાંક-૩૫ અને ૩૭ સહિત ચુકાદામાં કરવામાં આવેલ વિવિધ અવલોકનો ધ્યાને લેવામાં આવેલ છે. ફકરા ક્રમાંક-૩૫ અને ૩૭ની વિગતો નીચે મુજબ છે.:

**''Para-35 At this juncture, it is necessary to clear some misconceptions about the RTI Act. The RTI Act provides access to all information that is available and existing. This is clear from a combined reading of section 3 and the definitions of 'information' and 'right to information' under clauses (f) and (j) of section 2 of the Act. If a public authority has any information in the form of data or analyzed data, or abstracts, or statistics, an applicant may access such information, subject to the exemptions in section 8 of the Act. But where the information sought is not a part of the record of a public authority, and where such information is not required to be maintained under any law or the rules or regulations of the public authority, the Act does not cast an obligation upon the public authority, to collect or collate such non available information and then furnish it to an applicant. A public authority is also not required to furnish information which require drawing of inferences and/or making of assumptions. It is also not required to provide 'advice' or 'opinion' to an applicant, nor required to obtain and furnish any 'opinion' or 'advice' to an applicant. The reference to 'opinion' or 'advice' in the definition of 'information' in section 2(f) of the Act, only refers to such material available in the records of the public authority. Many public authorities have, as a public relation exercise, provide advice, guidance and opinion to the citizens. But that is purely voluntary and should not be confused with any obligation under the RTI Act.''**

**"Para-37 Indiscriminate and impractical demands or directions under RTI Act for disclosure of all and sundry information (unrelated to transparency and accountability in the functioning of public authorities and eradication of corruption) would be counter-productive as it will adversely affect the efficiency of the administration and result in the executive getting bogged down with the non-productive work of collecting and furnishing information. The Act should not be allowed to be misused or abused, to become a tool to obstruct the national development and integration, or to destroy the peace, tranquility and harmony among its citizens. Nor should it be converted into a tool of oppression or intimidation of honest officials striving to do their duty. The nation does not want a scenario where 75% of the staff of public authorities spends 75% of their time in collecting and furnishing information to applicants instead of discharging their regular duties. The threat of penalties under the RTI Act and the pressure of the authorities under the RTI Act should not lead to employees of a public**

**authorities prioritizing `information furnishing', at the cost of their normal and regular duties."**

(૨) સુપ્રિમકોર્ટ દ્વારા સીવીલ અપીલ નંબર ૭૫૭૧/૨૦૧૧માં તા.૦૨/૦૯/૨૦૧૧ **(The Institute of Chartered Accountants of India Vs. Shaunak H. Satya & Ors)**ના રોજ આપવામાં આવેલ ચૂકાદાના પેરા નં.૨૬ માં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છેઃ

**" We however agree that it is necessary to make a distinction in regard to information intended to bring transparency, to improve accountability and to reduce corruption, falling under section 4(1)(b) and (c) and other information which may not have a bearing on accountability or reducing corruption. The competent authorities under the RTI Act will have to maintain a proper balance so that while achieving transparency, the demand for information does not reach unmanageable proportions affecting other public interests, which include efficient operation of public authorities and government, preservation of confidentiality of sensitive information and optimum use of limited fiscal resources."**

ઉપરોકત પેરા નંબર-૨૬ માં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે માહિતી અધિકાર અધિનિયમના દુરૂપયોગના કારણે આ અધિનિયમમાં પ્રજા વિશ્વાસ ગુમાવે તેવું ન થાય તે માટે અધિનિયમનો દુરૂપયોગ અટકાવવા કાયદા મુજબ પગલાં ભરવાં જોઇએ.

(૩) હાઇકોર્ટ, નવી દિલ્હી દ્વારા **W.P(C) No.845/2014**માં તા.૦૫/૦૨/૨૦૧૪ના રોજ આપવામાં આવેલા ચૂકાદાના ફકરા નં.૧૦માં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છે.

**"10. Consequently, this Court deems it appropriate to refuse to exercise its writ jurisdiction. Accordingly, present petition is dismissed. This Court is also of the view that misuse of the RTI Act has to be appropriately dealt with, otherwise the public would lose faith and confidence in this "sunshine Act". A beneficent Statute, when made a tool for mischief and abuse must be checked in accordance with law. A copy of this order is directed to be sent by the Registry to Defence and Law Ministry, so that they**

**may examine the aspect of misuse of this Act, which confers very important and valuable rights upon a citizen."**

(૪) આમ છતાં વિવાદી દ્વારા "માહિતીનો અધિકાર"નો અપ્રમાણસર ઉપયોગ કરવાનું પ્રતિવર્ષ ચાલુ રાખવામાં આવેલ છે.

(૫) આટલી વિશાળ સંખ્યામાં વિવાદી દ્વારા અરજીઓ કરીને મેળવવામાં આવેલ માહિતીનો વિવાદી દ્વારા ક્યો (શું) ઉપયોગ કરવામાં આવે છે તે બાબત અનુત્તર રહે છે.

(૬) અધિનિયમના આમુખમાં દર્શાવેલ લોકશાહીના ઉચ્ચ આદર્શોને મૂર્તિમંત કરવાના ઉમદા આશયથી ઘડવામાં આવેલા આવા પવિત્ર અધિનિયમનો અપ્રમાણસર/અનિયંત્રિત ઉપયોગ સાથે માહિતી આયોગ સહિત લોકશાહીને વરેલી કોઇ સંસ્થા સંમત થઇ શકે નહીં:

(૭) જાહેર સત્તામંડળના સંસાધનોનો ઉપયોગ લોકોપયોગી સેવાઓ પૂરી પાડવા માટે કરવાનો રહે છે. ગણ્યા ગાંઠ્યા નાગરિકો દ્વારા માહિતી અધિકાર અધિનિયમના ઉપયોગના અપ્રમાણસર/અનિયંત્રિત ઉપયોગ થકી તેઓની વ્યવસ્થાઓ ખોરવાય નહીં તે જોવાની પવિત્ર જવાબદારી માહિતી આયોગ સહિત લોકશાહીને વરેલી તમામ સંસ્થાઓની છે.

(૮) આયોગ દ્વારા અન્ય એક નાગરિકની અધિનિયમ અન્વયેની વર્તણૂંકના આધારે તેઓની રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનને સંબંધિત કોઇ અરજી ધ્યાને ન લેવા હુકમો કરવામાં આવેલ. આયોગના હુકમ વિરૂદ્ધ વિવાદી દ્વારા હાઇકોર્ટમાં કરવામાં આવેલ આર/એસ.સી.એ.નં. ૧૮૪૧૬-૨૦૨૩, તા.૦૭-૦૧-૨૦૨૫ના હુકમથી "ડીસમીસ્ડ" કરવામાં આવેલ છે.

(૯) નાછુટકે અધિનિયમના આમુખમાં જણાવ્યા અનુસાર, સંઘર્ષમાં આવતા હિતો વચ્ચે સંવાદિતા સાધવાના અધિનિયમના ઉદ્દેશોને સિદ્ધ કરવાના હેતુસર વિવાદી દ્વારા પ્રમાણસર અરજીઓ કરવામાં આવે તેવું ઠરાવવું આયોગને અનિવાર્ય

જણાય છે.

(૧૦) આવા સંજોગોમાં વિવાદી દ્વારા રજૂ કરવામાં આવતી અપીલ/ફરિયાદનું પ્રમાણ નિયત કરવું આયોગને જરૂરી જણાયું છે અને તેથી ઉદારતાપૂર્વક આયોગ દ્વારા એક કેલેન્ડર વર્ષમાં વધુમાં વધુ ૧૨(બાર) નમૂના-"ક" ની અરજીઓને પ્રસ્તુત અપીલના વિવાદીના કિસ્સામાં પ્રમાણસર ગણવામાં આવે છે. રાજ્યના તમામ નાગરિકો દ્વારા જો ૧૨(બાર) અરજીઓ કરવામાં આવે તો પણ વહીવટી તંત્ર ખોરવાઇ જાય! આમ છતાં, તમામ નાગરિકો દ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજીઓ કરવામાં આવતી નહીં હોવાથી તથા અધિનિયમના આમુખમાં દર્શાવેલ આદર્શો અને આયોગને સોંપવામાં આવેલ "સંવાદિતા સાધવાની" ફરજોને ધ્યાને લઇને, વિવાદી દ્વારા પ્રતિ વર્ષ માહિતી અધિકાર અધિનિયમ હેઠળની ૧૨(બાર) અરજીઓ વધુ જણાતી હોવા છતાં, આયોગ દ્વારા હાલના તબક્કે વિવાદીના કિસ્સામાં પ્રતિ વર્ષ માહિતી અધિકાર અધિનિયમ હેઠળની ૧૨(બાર) અરજીઓ ઉદારતાપૂર્વક પ્રમાણસર ગણવામાં આવે છે.

<u>ઉક્ત વિગતો ધ્યાને લઇને આયોગ દ્વારા વિવાદીને નીચે મુજબ આદેશો આપવામાં આવે છે:</u>

(૧) પ્રસ્તુત હુકમની તારીખથી પ્રત્યેક કેલેન્ડર વર્ષમાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ વધુમાં વધુ ૧૨ અરજીઓ કરી શકાશે.

(૨) આવી પ્રત્યેક અરજીમાં વધુમાં વધુ બે પ્રકરણને લગતી અને વધુમાં વધુ ૫(પાંચ) મુદ્દાઓમાં માહિતી માંગી શકાશે.

(૩) પ્રસ્તુત હુકમની તારીખ બાદ જાહેર સત્તામંડળને કરવામાં આવતી પ્રત્યેક અરજીમાં તેઓએ નીચે મુજબની બાંહેધરી આપવાની રહેશે.

<u>“આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, આયોગ દ્વારા અપીલ નં.અ-૨૧૭૮-૨૦૨૪ અને અ-૨૭૩૯-૨૦૨૪માં તા.૦૧/૦૨/૨૦૨૫ ના રોજ</u>

કરવામાં આવેલ હુકમ અનુસાર, કુલ ૧૨(બાર) પૈકી પ્રસ્તુત અરજીનો ક્રમાંક ........... છે.” આ પ્રકારે બાંહેધરી દર્શાવી, વિવાદીએ તેની નીચે સહી અને તારીખ દર્શાવવાની રહેશે.

રાજ્યના તમામ જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારીઓ અને પ્રથમ અપીલ સત્તાધિકારીઓને જણાવવામાં આવે છે કે, આયોગના ઉક્ત હુકમ પ્રમાણે વિવાદી દ્વારા બાંહેધરી આપવામાં આવેલ ન હોય કે ૧૨ થી વધુ સંખ્યામાં અરજીઓ રજૂ કરવામાં આવેલ હોય તો, બાંહેધરી આપવામાં આવેલ ન હોવાના કારણસર અને/અથવા ૧૨ થી વધુ સંખ્યામાં અરજીઓ રજૂ કરેલ હોવાના કારણોસર વિવાદીની અરજી દફતરે કરવામાં આવે અને તેની વિવાદીને જાણ કરવામાં આવે.

આયોગ દ્વારા સચિવને જણાવવામાં આવે છે કે, આયોગના પ્રસ્તુત હુકમની નકલ રાજ્ય સરકારના તમામ વિભાગો અને વિભાગો હસ્તકના જાહેર સત્તામંડળને મોકલી આપી, તેનો અમલ કરવા માટે જણાવવામાં આવે.

આયોગ દ્વારા રજીસ્ટારને જણાવવામાં આવે છે કે, આયોગના પ્રસ્તુત હુકમ બાદ, રજૂ થતી બીજી અપીલ/ફરિયાદને સંલગ્ન નમૂના-"ક"ની અરજીમાં વિવાદી દ્વારા ઉપર મુજબની બાંહેધરી આપવામાં આવેલ ન હોય અથવા તેઓ દ્વારા એક કેલેન્ડર વર્ષમાં ૧૨ થી વધુ અરજી કરવામાં આવી હોય તો, ૧૨(બાર) થી વધુ અરજીઓ સંબંધમાં મળેલ તેઓની બીજી અપીલ/ફરિયાદ સુનાવણી માટે રજૂ કરવાની રહેશે નહીં. આવી અપીલ/ફરિયાદ દફતરે કરી, તેની વિવાદીને જાણ કરવામાં આવે.

ઉક્ત વિગતે જાહેર માહિતી અધિકારી દ્વારા આપવામાં આવેલ માહિતી/પ્રત્યુત્તરની વિગતો ધ્યાને લેતા, જાહેર માહિતી અધિકારી વિરૂદ્ધ અધિનિયમની કલમ-૨૦(૧) અને/અથવા ૨૦(૨) હેઠળ કાર્યવાહી કરવાની કે વિવાદીને ખર્ચ કે વળતર ચૂકવવાની રજૂઆત ગ્રાહ્ય રાખવાપાત્ર નથી.

ઉક્ત હુકમો અન્વયે રજૂ થયેલ બન્ને અપીલ “નામંજૂર” કરવામાં આવે છે.

સહી/-
(ડૉ. સુભાષ સોની)
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર

મુકાબલ કરનાર

કાયદા અધિકારી
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

પ્રમાણિત કરનાર

નાયબ સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

24

# ગુજરાત માહિતી આયોગ

બ્લોક નં.-૧, બીજા માળે, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ટેલીફોન નંબર- +૯૧ ૭૯ ૨૩૨ ૫૭૩૧૪, ૫૨૮૨૭, ૫૮૦૭૦
**ઇ-મેઇલ:** gscic@gujarat.gov.in **વેબસાઇટ:** www.gic.gujarat.gov.in

તાત્કાલીક

જીઆઇસી/અ-૩૯૯૨-૨૦૨૪/કોર્ટ કેસ યુનિટ

તા.-૩૧-૦૧-૨૦૨૫

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી,
સામાન્ય વહીવટ વિભાગ,

બ્લોક નં.૨/૫, નવા સચિવાલય,
સેક્ટર-૧૦ એ, ગાંધીનગર-૩૮૨૦૧૦.

વિષય : શ્રી ખુશાલ આર. વર્મા રહે, કુબેરનગર, અમદાવાદ દ્વારા માહિતી અધિકાર અધિનિયમ એક્ટ -૨૦૦૫ હેઠળ કરવામાં આવતી અરજીઓ બાબત. ગુજરાત માહિતી આયોગનો તા.૨૯/૦૧/૨૦૨૫ નો હુકમ ક્રમાંક અ-૩૯૯૨-૨૦૨૪

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગેનો ગુજરાત માહિતી આયોગનો તા.૨૯/૦૧/૨૦૨૫નો હુકમ ક્રમાંક અ-૩૯૯૨-૨૦૨૪ ની નકલ આ સાથે સામેલ છે. આ હુકમ અન્વયે આપના હસ્તકના તમામ જાહેર સત્તામંડળો ને જરૂરી સૂચના આપવા વિનંતી છે.

બિડાણ : ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,

(જયદીપ દ્વિવેદી)
સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

ACS (Per)
2/2/25

ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેકટર-૧૦-એ, ગાંધીનગર
માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ અપીલ બાબત.
અપીલ નં- અ-૩૯૯૨-૨૦૨૪

વિવાદી : શ્રી ખુશાલ આર વર્મા
ઘર નં.એ/૯,પુષ્પાનગર,
ભગવતી વિદ્યાલય પાસે, ભાર્ગવ રોડ,
કુબેરનગર, અમદાવાદ - ૩૮૨૩૪૦

વિરુધ્ધ

પ્રતિવિવાદી : (૧) જાહેર માહિતી અધિકારી
વોર્ડ ઇન્પેકટર(ઇલે.વોર્ડ-૨૫ વિરાટનગર)
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
એસ્ટેટ અને નગર વિકાસ ખાતુ, ચોથો માળ,
ડો.હરૂભાઈ મહેતા ભવન, ઝોનલ કચેરી, પુર્વ
ઝોન, વિરાટનગર ચાર રસ્તા, ને.હાઇવે
નં.૮,
અમદાવાદ - ૩૮૨૩૫૦

(૨) અપીલ સત્તાધિકારી
ડે.એસ્ટેટ ઓફિસર
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
મહાનગર સેવા સદન,પુર્વ ઝોન,
એસ્ટેટ અને નગર વિકાસ ખાતુ,ચોથો માળ,
હરૂભાઈ મહેતા ભવન, ઝોનલ કચેરી,
વિરાટનગર ચાર રસ્તા,
અમદાવાદ - ૩૮૨૩૫૦

તા. ૨૯/૧/૨૦૨૫

ડૉ. સુભાષ સોની,

રાજ્ય મુખ્ય માહિતી કમિશનર

ગુજરાત રાજય સમક્ષ

(૧) સુનાવણીની તારીખ : ૧૬/૦૧/૨૦૨૫

(૨) સુનાવણી માટેનુ સ્થળ : ગુજરાત માહિતી આયોગ

(૩) આયોગ સમક્ષ રજૂ થયેલ કાગળોની વિગત:-

| ક્રમ | વિગત | : તારીખ |
|---|---|---|
| (i) | નમૂના-કની અરજી | : ૨૮/૦૫/૨૦૨૪ |
| (ii) | જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર | : ૨૫/૦૬/૨૦૨૪ |
| (iii) | પ્રથમ અપીલ | : ૨૬/૦૭/૨૦૨૪ |
| (iv) | પ્રથમ અપીલ અધિકારીનો હુકમ | : ૧૬/૦૮/૨૦૨૪ |
| (v) | બીજી અપીલ | : ૦૯/૦૯/૨૦૨૪ |
| (vi) | વિવાદીની રજૂઆત | : ૧૩/૦૧/૨૦૨૫ |
| (vii) | જાહેર માહિતી અધિકારીનો અહેવાલ | : ૧૬/૧૨/૨૦૨૪ |
| (viii) | પ્રથમ અપીલ અધિકારીનો અહેવાલ | : ૧૬/૧૨/૨૦૨૪ |

(૪) સુનાવણીમાં ઉપસ્થિત પક્ષકારો:-

વિવાદી : શ્રી ખુશાલ આર વર્મા ઉપસ્થિત રહેલ નથી.

પ્રતિવિવાદી : (૧) શ્રી જીજ્ઞેશ શાહ, જાહેર માહિતી અધિકારી વોર્ડ ઇન્સ્પેકટર(ઇલે.વોર્ડ-૨૫વિરાટનગર), અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, એસ્ટેટ અને નગર વિકાસ ખાતુ, પૂર્વઝોન, નિકોલ, અમદાવાદ આયોગ ખાતે

રૂબરૂ ઉપસ્થિત રહેલ છે.

(૨) પ્રથમ અપીલ સત્તાધિકારી અને ડેપ્યુટી એસ્ટેટ ઓફીસર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, એસ્ટેટ અને નગરપાલીકા, પૂર્વઝોન, અમદાવાદ વતી જીજ્ઞેશભાઇ પરમાર, આસી.ટી.ડી.ઓ. આયોગ ખાતે રૂબરૂ ઉપસ્થિત રહેલ છે.

(૫) આયોગ સમક્ષ સુનાવણી અને હુકમ:-

આયોગ દ્વારા વિવાદીની લેખિત રજૂઆત ધ્યાને લેવામાં આવેલ છે.

આયોગ દ્વારા વિવાદીની લગભગ સમાન પ્રકારની જુદી જુદી કુલ ૨૨ બીજી અપીલની આજ રોજ યોજવામાં આવેલ સુનાવણી સંબંધમાં વિવાદી દ્વારા કોઇ વ્યાજબી કારણો દર્શાવ્યા સિવાય વાંધો દર્શાવીને જણાવેલ છે કે, તેઓની જુદી-જુદી અપીલની એક જ દિવસે સુનાવણી યોજવામાં ન આવે.

આ ઉપરાંત, વિવાદી દ્વારા કોઇ યોગ્ય કારણો દર્શાવ્યા સિવાય ચોકકસ રાજય માહિતી કમિશનર/રાજય મુખ્ય માહિતી કમિશનર સમક્ષ પોતાની અપીલની સુનાવણી નહીં કરવા પણ રજૂઆત કરવામાં આવેલ છે. વિવાદી દ્વારા આયોગ વિરૂદ્ધ પુરાવા સિવાય આક્ષેપો પણ કરવામાં આવેલ છે.

વિવાદીને જુદી જુદી તારીખે, અનેક વખત તેઓની રજૂઆત માટે આયોગ સમક્ષ ઉપસ્થિત રહેવું ન પડે, સંબંધિત જાહેર માહિતી અધિકારીઓ અને સંબંધિત પ્રથમ અપીલ સત્તાધિકારીઓને પણ જુદી જુદી બીજી અપીલો સંબંધમાં જુદી જુદી તારીખે એટલે કે વારંવાર આયોગ સમક્ષ ઉપસ્થિત થવું ન પડે, આયોગ દ્વારા પણ સમાન પક્ષકારો અને સમાન બાબતો અંગેની જુદી જુદી અપીલોની વારંવાર જુદી જુદી તારીખે અને સમયે અપીલની સુનાવણી કરવી ન પડે, અન્ય અપીલકર્તાઓની અપીલની ઝડપથી સુનાવણી થઈ શકે

અને પરિણામે પડતર અપીલમાં ઝડપથી ઘટાડો થઈ શકે તેવી તમામ પક્ષકારોની ફાયદાકારક પરિસ્થિતિની વિચારણા કરીને, આયોગ દ્વારા વિવાદીની જુદી જુદી અપીલની એક જ દિવસે સુનાવણી યોજવાનું નિયત કરવામાં આવેલ છે.

આયોગને અનુભવે જણાયું છે કે, સમાન પ્રકારની જુદી જુદી અરજીઓ જ્યારે ન્યાયની અદાલતો સમક્ષ રજૂ થયેલી હોય છે ત્યારે, સુપ્રિમ કોર્ટ સહિતની વિવિધ અદાલતો દ્વારા ઝડપથી, સરળતાથી અને પક્ષકારોના રીસોર્સીસનો મહત્તમ ઉપયોગ થઈ શકે તે હેતુસર, આ પ્રકારે એક સાથે અથવા સંયુક્ત સુનાવણી અનેક વખત યોજવામાં આવે છે.

વિવાદી તરફથી આયોગને વર્ષ-૨૦૨૪ અંતિત વર્ષવાર મળેલ કુલ બીજી અપીલ/ફરિયાદની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને સંબંધિત બીજી અપીલ/ફરીયાદની વિભાગવાર સંખ્યા | | | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સિવાયના અન્ય જાહેર સત્તામંડળોને સંબંધિત બીજી અપીલ/ફરીયાદની સંખ્યા | કુલ મળેલ બીજી અપીલ/ફરીયાદ |
|---|---|---|---|---|---|
| | એસ્ટેટ વિભાગ | અન્ય વિભાગ | કુલ | | |
| 2006-07 | 0 | 3 | 3 | 2 | 5 |
| 2007-08 | 0 | 4 | 4 | 2 | 6 |
| 2008-09 | 4 | 1 | 5 | 4 | 9 |
| 2009-10 | 8 | 2 | 10 | 10 | 20 |
| 2010-11 | 5 | 8 | 13 | 19 | 32 |
| 2011-12 | 9 | 4 | 13 | 7 | 20 |
| 2012 | 6 | 4 | 10 | 0 | 10 |
| 2013 | 4 | 4 | 8 | 5 | 13 |
| 2014 | 21 | 6 | 27 | 8 | 35 |
| 2015 | 22 | 33 | 55 | 21 | 76 |
| 2016 | 45 | 4 | 49 | 18 | 67 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 2017 | 17 | 3 | 20 | 10 | 30 |
| 2018 | 62 | 5 | 67 | 20 | 87 |
| 2019 | 26 | 3 | 29 | 8 | 37 |
| 2020 | 27 | 3 | 30 | 5 | 35 |
| 2021 | 115 | 30 | 145 | 58 | 203 |
| 2022 | 158 | 14 | 172 | 38 | 210 |
| 2023 | 130 | 9 | 139 | 20 | 159 |
| 2024 | 17 | 6 | 23 | 56 | 79 |
| Total | 676 | 146 | 822 | 311 | 1133 |
| Reject | | | | | 88 |
| Total | | | | | 1221 |
| Percentage | 60 | 13 | 73 | 27 | 100 |

ઉકત વિગતો જોતાં, જણાય છે કે વિવાદી દ્વારા વર્ષ-૨૦૨૪ સુંધીમાં કુલ-૧૨૨૧ બીજી અપીલ/ફરિયાદ આયોગ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે. તે પૈકી આશરે ૬૭૬(૬૦%) બીજી અપીલ/ફરિયાદ માત્ર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગને લગતી છે. આજરોજ સુનાવણી માટે નિયત થયેલ તમામ બીજી અપીલ પણ એસ્ટેટ વિભાગને સંબંધિત છે.

સામાન્યતઃ/મહદ્દઅંશે વિવાદી દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ પાસેથી ગેરકાયદેસર કોમર્શિયલ બાંધકામ સંબંધમાં નીચે મુજબ માહિતી માંગવામાં આવે છે.

૧. માત્ર સમયગાળો દર્શાવીને જે તે વોર્ડમાં થયેલ ગેરકાયદેસર કોમર્શિયલ બાંધકામ પરત્વે કરવામાં આવેલ કાર્યવાહીની માહિતી,

૨. ગેરકાયદેસર કોમર્શિયલ બાંધકામ સંબંધમાં ૨૬૦(૧) અને ૨૬૦(૨) મુજબ આપવામા આવેલ નોટીસની માહિતી,

૩. ગેરકાયદેસર કોમર્શિયલ બાંધકામ દૂર કરવા માટે પોલીસ બંદોબસ્ત માટે પાઠવેલ યાદીની માહિતી,

૪. ગેરકાયદેસર કોમર્શિયલ બાંધકામ સંબંધમાં વસુલ કરેલ વહીવટી ફીની માહિતી,

૫. ગેરકાયદેસર કોમર્શિયલ બાંધકામને સીલ કરેલ હોય તો, તેની માહિતી,

૬. ગેરકાયદેસર કોમર્શિયલ બાંધકામના ટી.પી.એફ.પી., સર્વે નંબર, ક્ષેત્રફળ સહિતની માહિતી.

ઉકત વિગતો જોતા એ સ્પષ્ટ થાય છે કે, વિવાદીને કઇ ચોક્કસ મિલકતના ગેરકાયદેસર બાંધકામ અંગે માહિતી જોઇએ છે તે અંગે વિવાદીને જાણકારી નથી. વિવાદી દ્વારા માત્ર સમયગાળો દર્શાવીને, તે સમયગાળામાં ગેરકાયદેસર કોર્મશિયલ બાંધકામ સંબંધમાં કરવામાં આવેલ કાર્યવાહીની માહિતી માંગવામાં આવે છે.

માહિતી અધિકાર અધિનિયમમાં માહિતી માંગવા માટે નીચે મુજબ જોગવાઇ કરવામાં આવી છે.

- <u>કલમ-૬(૧)</u> : “આ અધિનિયમ હેઠળ કોઇ માહિતી મેળવવા માંગતી વ્યક્તિએ, અંગ્રેજી અથવા હિન્દી અથવા જે વિસ્તારમાં અરજી કરવામાં આવતી હોય તેની રાજભાષામાં લેખિતમાં અથવા ઇલેકટ્રોનિક માધ્યમ મારફતે અને ઠરાવવામાં આવે તેટલી ફી સાથે <u>તેણે અથવા તેણીએ માંગેલી માહિતીની વિગતો નિર્દિષ્ટ કરીને</u>........”
- માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-“ક”ના ક્રમ-(૩)ની જોગવાઇઓ નીચે મુજબ છે.

| ક્રમ નં. | <u>જરૂરી માહિતીની ચોકકસ બાબતો/વિગતો(ટૂંકમાં)</u> | <u>જરૂરી માહિતીનો ચોકકસ સમયગાળો</u> |
|---|---|---|

- માહિતી અધિકાર અધિનિયમની કલમ – ૭ (૯) માં માહિતી માંગવા સંબંધમાં નીચે મુજબ જોગવાઇ કરવામાં આવી છે.

<u>કલમ-૭(૯)</u> : "સામાન્ય રીતે માહિતી જે સ્વરૂપમાં માંગવામાં આવી હોય તે સ્વરૂપમાં જ પૂરી પાડવી જોઇશે, સિવાય કે તેનાથી જાહેર સત્તામંડળના સ્ત્રોતો અપ્રમાણસર રીતે બદલાય અથવા વિવાદગ્રસ્ત રેકર્ડની સલામતી અને જાળવણીને હાનિ થાય તેમ હોય."

આમ, વિવાદીએ માહિતી અધિકાર અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-"ક"ના ક્રમ-(૩)ની જોગવાઇઓ અનુસાર, <u>જોઇતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવીને માહિતીની માંગણી કરવાની રહે છે. આવી માહિતી માંગતી વખતે જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થવો જોઇએ નહીં.</u>

વિવાદી દ્વારા જે રીતે માહિતી માંગવામાં આવે છે તે રીત અધિનિયમની જોગવાઇઓ સાથે સુસંગત નથી. આ રીતે માહિતી માંગવાથી, ઉકત જોગવાઇઓ અનુસાર,તેઓને કોઇ માહિતી મળવાપાત્ર નથી. વિવાદી દ્વારા વિશાળ સંખ્યામાં અરજીઓ કરીને માંગવામાં આવતી માહિતીના કારણે કોઇ એક વ્યક્તિ દ્વારા કરવામાં આવતી અરજીઓના કારણે જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થઇ રહ્યો છે અને તેથી જ કેટલાંક જાહેર માહિતી અધિકારી/પ્રથમ અપીલ સત્તાધિકારીઓ દ્વારા આ કારણોસર માહિતી આપવાનો ઇન્કાર કરવામાં આવેલ છે.આ ઉપરાંત, જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારીઓ, પ્રથમ અપીલ સત્તાધિકારીઓ અને આયોગનો સમય બિનજરૂરી અને અપ્રમાણસર રીતે વપરાય છે તથા **genuine** અરજદારોને ન્યાય મેળવવામાં વિલંબ થાય છે.

આમ છતાં, અત્યાર સુંધી આયોગ દ્વારા અધિનિયમની ભાવના, હેતુ અને જોગવાઇઓનો ઉદારતાપૂર્વક અમલ કરવાના હેતુથી જાહેર માહિતી અધિકારીઓ અને પ્રથમ અપીલ સત્તાધિકારીઓ સાથે પરામર્શ કરી, તેઓના કોમ્પ્યુટર ડેટામાં ઉપલબ્ધ માહિતીમાંથી તારવીને, માહિતી આપવાના અનેક હુકમો કરવામાં આવેલ છે, જે પૈકી કેટલીક અપીલના નંબરો નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| અ-૩૭૫૮-૨૦૨૨ | અ-૫૯૩૮-૨૦૨૨ | અ-૦૫૧૫-૨૦૨૩ | અ-૦૯૦૫-૨૦૨૩ |
| અ-૫૯૩૨-૨૦૨૨ | અ-૫૯૩૯-૨૦૨૨ | અ-૦૫૧૬-૨૦૨૩ | અ-૦૯૦૮-૨૦૨૩ |
| અ-૫૯૩૩-૨૦૨૨ | અ-૬૦૩૨-૨૦૨૨ | અ-૦૫૮૦-૨૦૨૩ | અ-૧૨૯૯-૨૦૨૩ |
| અ-૫૯૩૪-૨૦૨૨ | અ-૬૦૪૦-૨૦૨૨ | અ-૦૫૮૨-૨૦૨૩ | અ-૧૩૦૦-૨૦૨૩ |
| અ-૫૯૩૫-૨૦૨૨ | અ-૬૨૫૬-૨૦૨૨ | અ-૦૫૮૩-૨૦૨૩ | અ-૧૩૦૨-૨૦૨૩ |
| અ-૫૯૩૬-૨૦૨૨ | અ-૦૫૧૩-૨૦૨૩ | અ-૦૯૦૩-૨૦૨૩ | અ-૧૩૦૩-૨૦૨૩ |
| અ-૫૯૩૭-૨૦૨૨ | અ-૦૫૧૪-૨૦૨૩ | અ-૦૯૦૪-૨૦૨૩ | |

આ ઉપરાંત, આયોગ દ્વારા વિવાદીને અનેક વખત સ્પષ્ટ ચેતવણી આપીને જણાવવામાં આવેલ છે કે, ભવિષ્યમાં તેઓ દ્વારા માહિતીની માંગણી કરતી વખતે અધિનિયમની કલમ-૬(૧) ની જોગવાઈઓ અનુસાર મિલકત અંગેની ચોક્કસ વિગતો દર્શાવીને, ગેરકાયદેસર બાંધકામ સંબંધમાં કરવામાં આવેલ કાર્યવાહીની માહિતીની માંગણી કરવામાં આવે. માત્ર સમયગાળો દર્શાવીને માહિતીની માંગણી કરવાથી અને તે મુજબની માહિતી તારવીને/તૈયાર કરીને આપવાથી જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થાય છે, તે બાબતો ધ્યાનમાં રાખવામાં આવે, આવા કેટલાક હુકમો સંબંધિત અપીલના નંબરો નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| અ-૦૫૧૩-૨૦૨૩ | અ-૦૯૦૩-૨૦૨૩ | અ-૨૦૩૫-૨૦૨૩ | અ-૧૨૯૯-૨૦૨૩ |
| અ-૦૫૧૪-૨૦૨૩ | અ-૦૯૦૪-૨૦૨૩ | અ-૨૦૩૬-૨૦૨૩ | અ-૧૩૦૦-૨૦૨૩ |
| અ-૦૫૧૫-૨૦૨૩ | અ-૧૦૩૮-૨૦૨૩ | અ-૨૦૩૭-૨૦૨૩ | અ-૧૩૦૧-૨૦૨૩ |
| અ-૦૫૧૬-૨૦૨૩ | અ-૨૦૩૦-૨૦૨૩ | અ-૨૦૩૮-૨૦૨૩ | અ-૧૩૦૨-૨૦૨૩ |
| અ-૦૫૮૦-૨૦૨૩ | અ-૨૦૩૧-૨૦૨૩ | અ-૨૦૩૯-૨૦૨૩ | અ-૧૩૦૩-૨૦૨૩ |
| અ-૦૫૮૧-૨૦૨૩ | અ-૨૦૩૨-૨૦૨૩ | અ-૦૯૦૫-૨૦૨૩ | અ-૧૩૦૪-૨૦૨૩ |
| અ-૦૫૮૨-૨૦૨૩ | અ-૨૦૩૩-૨૦૨૩, | અ-૧૨૯૭-૨૦૨૩ | |
| અ-૦૫૮૩-૨૦૨૩ | અ-૨૦૩૪-૨૦૨૩ | અ-૧૨૯૮-૨૦૨૩ | |

વિવાદી દ્વારા જે પ્રકારે અનેક અરજીઓ અને અનેક બીજી અપીલ અન્વયે વિવિધ પ્રકારની માહિતીની માંગણી કરવામાં આવે છે તેની સમગ્રતાને ધ્યાનમાં લેવામાં આવે તો, તેઓ દ્વારા માંગવામાં આવેલ માહિતી આપવાથી, અધિનિયમની કલમ-૭(૯)ની જોગવાઈઓ અનુસાર જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થવાની પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે. આથી, ઘણા જાહેર માહિતી અધિકારીઓ, પ્રથમ અપીલ સત્તાધિકારીઓ  આ રીતે માંગવામાં આવેલ માહિતી

આપવા ઇન્કાર કરે છે. માત્ર આયોગની ઉદારતા અને પરામર્શના કારણે આયોગનું માન જાળવવા હેતુસર તેઓએ અત્યાર સુધી સંમતિ દર્શાવીને, માહિતી આપેલ છે.

આયોગના અપીલ નં. અ-૧૪૮૦-૨૦૨૨ અને અન્ય અપીલમાં તા.૦૩/૦૮/૨૦૨૨ના સંયુક્ત હુકમમાં અને અપીલ નં.અ-૦૮૭૯-૨૦૨૨ અને અન્ય અપીલમાં તા.૦૬/૦૮/૨૦૨૨ના સંયુક્ત હુકમમાં નીચે મુજબ દર્શાવેલ છે.:

"વિવાદી દ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ કરવામાં આવતી અનેક અરજીઓ, પ્રથમ અપીલો અને બીજી અપીલોના પ્રમાણને ધ્યાને લઇને, આયોગ દ્વારા વિવાદી સાથે પરામર્શ કરીને, તેઓને જોઇતી ચોક્કસ અને મર્યાદિત માહિતી માટે અને મર્યાદિત સંખ્યામાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજીઓ કરવા જણાવવામાં આવતાં, વિવાદીએ તેનો સ્વીકાર કરેલ છે."

આમ છતાં, વિવાદી દ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અપ્રમાણસર અરજીઓ કરવાનું ચાલુ રાખવામાં આવેલ છે.

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ના આમુખમાં દર્શાવેલ છે કે..........

"...અને ખરેખર વ્યવહારમાં માહિતીને જાહેર કરવાથી સરકારના કાર્યક્ષમ સંચાલન, મર્યાદીત નાણાંકીય સાધનોનો મહત્તમ ઉપયોગ અને સંવેદનશીલ માહિતીની ગોપનીયતાની જાળવણી સહિતના બીજા જાહેર હિતો સાથે સંઘર્ષ થાય તેમ છે; અને લોકશાહી આદર્શની સર્વોપરીતા જાળવતી વખતે આવતા હિતો વચ્ચે સંવાદિતા સાધવી પણ જરૂરી છે..... તેથી હવે જે નાગરિકો માહિતી મેળવવા માંગતા હોય તેમને અમુક માહિતી પૂરી પાડવા માટેની જોગવાઇ કરવી ઇષ્ટ છે...."

અધિનિયમના આમુખમાં દર્શાવેલ "સંઘર્ષ"ની શકયતાઓ, 'સંવાદિતા સાધવાનો' વ્યકત થયેલ આદર્શ અને "અમુક" માહિતી પૂરી પાડવાના આદેશો ધ્યાને લઇને માહિતી આયોગે સર્વગ્રાહી વિચારણા કરીને, અધિનિયમની જોગવાઇઓમાં રજૂ થયેલ આદર્શો અને હેતુઓના પરિપ્રેક્ષ્યમાં અંત:કરણ અને

નિષ્ઠાપૂર્વક નિર્ણય લેવાનો રહે છે.

રાષ્ટ્રની સંસદ દ્વારા લોકશાહીના ઉચ્ચ આદર્શોને સિધ્ધ કરવાના હેતુથી ઘડવામાં આવેલ અધિનિયમનો અયોગ્ય/અતિ/અપ્રમાણસર ઉપયોગ પરત્વે આયોગ લાંબા સમય સુંધી મૌન રહી શકે નહીં.

વિવાદીની સમાન પ્રકારની અનેક અપીલ/ફરિયાદની પક્ષકારોના લાભાર્થે એક જ દિવસે કરવામાં આવતી સુનાવણી સામે પણ વિવાદીને વાંધો પડે છે અને તેથી તેઓ દ્વારા મર્યાદિત સંખ્યાની અપીલની જ પ્રત્યેક દિવસે સુનાવણી કરવાની માંગણી કરવામાં આવે છે. આયોગના આવા નિર્ણયો વિરૂધ્ધ વિવાદી દ્વારા ગુજરાત હાઇકોર્ટમાં દાખલ કરવામાં આવેલ અરજીઓના નંબર નીચે મુજબ છે.

૧. એસ.સી.એ નં. ૧૭૮૨૬-૨૦૨૩
૨. એસ.સી.એ નં. ૧૯૧૦૮-૨૦૨૩
૩. એસ.સી.એ નં. ૧૯૩૭૬-૨૦૨૩
૪. એસ.સી.એ નં. ૧૯૫૫૩-૨૦૨૩

રજૂ થયેલ પ્રસ્તુત અપીલને સંબંધિત હકીકતો અને નિર્ણય

વિવાદી સુનાવણીમાં ઉપસ્થિત રહેલ ન હોવાથી, તેઓની લેખિત રજૂઆત ધ્યાને લઇને વિવાદી દ્વારા માંગવામાં આવેલ માહિતી અને જાહેર માહિતી અધિકારી દ્વારા આપવામાં આવેલ માહિતી અનુસંધાને આપવાપાત્ર અને બાકી રહેતી માહિતી અંગે આયોગ દ્વારા જાહેર માહિતી અધિકારી સાથે પ્રત્યેક મુદ્દા બાબતે પરામર્શ કરીને, ગુણદોષના આધારે નિર્ણય કરવામાં આવેલ છે અને તે અંગેની વિગતો નીચે મુજબ છે.

વિવાદીની માહિતીની માંગણી અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા તા.૨૫/૦૬/૨૦૨૪ના પત્રથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરની વિગતો ધ્યાને લઇ, ઉપલબ્ધ અને આપવાપાત્ર માહિતી સંબંધમાં ઉપસ્થિત રહેલ જાહેર માહિતી અધિકારી સાથે પરામર્શ કરવામાં આવતા તેઓ જણાવે છે કે, વિરાટનગર વોર્ડમાં

શુભલક્ષ્મી એસ્ટેટ અસ્તિત્વ ધરાવતી નથી. જ્યારે, વિવાદી દ્વારા સુભાષ એસ્ટેટ અને પન્ના એસ્ટેટમાં બિનઅધિકૃત બાંધકામ સંબંધમાં કરવામાં આવેલ કાર્યવાહીની માહિતી માંગવામાં આવેલ છે. પરંતુ, વિવાદી દ્વારા જોઇતી માહિતીનો કોઇ સમયગાળો દર્શાવેલ નથી કે મિલકતની ઓળખ માટે જરૂરી વિગતો દર્શાવેલ નથી. આમ છતાં, આયોગના પરામર્શ અન્વયે જાહેર માહિતી અધિકારીએ સંબંધિત સુભાષ એસ્ટેટ અને પન્ના એસ્ટેટમાં ગેરકાયદેસર બાંધકામ સંબંધમાં ઉપલબ્ધ માહિતી માટે તેઓની કચેરીના રેકર્ડની ચકાસણી કરીને, વિવાદીને અરજીની તારીખથી છેલ્લા એક વર્ષમાં બિનઅધિકૃત બાંધકામ સંબંધમાં કરવામાં આવેલ કાર્યવાહીની માહિતી, આપવા માટે સંમતિ દર્શાવેલ છે.

ઉક્ત વિગતે જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે કે, વિવાદીની અરજીની તારીખથી છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન વિરાટનગર વોર્ડમાં આવેલ સુભાષ એસ્ટેટ અને પન્ના એસ્ટેટમાં બિનઅધિકૃત બાંધકામ સંબંધમાં કોઇ કાર્યવાહી કરવામાં આવેલ હોય તો, તેઓના રેકર્ડની ચકાસણી કરીને, આપવાપાત્ર માહિતી/પ્રત્યુત્તર આયોગનો હુકમ મળ્યા તારીખથી દિન-૧૫માં વિવાદીને વિનામૂલ્યે આપવામાં આવે.

તે સિવાયના મુદ્દા ક્રમાંક-(૬), (૭), (૧૦) અને (૧૧) અન્વયે વિવાદી દ્વારા માત્ર સમયગાળો દર્શાવીને માહિતી માંગવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારીની રજૂઆત અનુસાર, વિવાદી દ્વારા જે મુજબ માહિતી માંગવામાં આવેલ છે તે મુજબની સંકલિત માહિતી તેઓના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. વિવાદી દ્વારા માંગવામાં આવેલ માહિતી તૈયાર કરીને આપવાની રહે છે અને માહિતી તૈયાર કરવી એ નવી માહિતી ક્રિયેટ(ઉભી) કરવા સમાન હોવાથી, ક્રિયેટ(ઉભી) કરીને માહિતી આપવાનો અધિનિયમમાં કોઇ મેન્ડેટ નથી. આથી, માંગણી મુજબની માહિતીની રજૂઆત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

જાહેર માહિતી અધિકારીની ઉક્ત રજૂઆત અન્વયે મુદ્દા ક્રમાંક-(૬), (૭), (૧૦) અને (૧૧)ની માહિતી આપવાની માંગણી નીચેના કારણોસર ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

(૧) વિવાદી દ્વારા અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-"ક"ના ક્રમ-(૩)ની જોગવાઇઓ અનુસાર,ચોકકસ મિલકતની વિગતો દર્શાવીને માહિતીની માંગણી કરવામાં આવેલ નથી.

(૨) જે રીતે માહિતીની માંગણી કરવામાં આવેલ છે, તે રીતે માહિતી આપવાની રજૂઆત નવી માહિતી ક્રિયેટ(ઉભી) કરવા સમાન છે. આ પ્રકારે માહિતી આપવાનો અધિનિયમનો મેન્ડેટ નથી.

(૩) માહિતી અધિકાર હેઠળ પ્રાપ્ત થયેલ "માહિતીનો અધિકાર"નો અતિ/ અપ્રમાણસર ઉપયોગના કારણે જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારીઓ, પ્રથમ અપીલ સત્તાધિકારીઓ અને આયોગનો સમય બિનજરૂરી અને અપ્રમાણસર રીતે વપરાય છે અને માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૭(૯)ની જોગવાઈઓ અનુસાર જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થાય છે.

(૪) **Genuine** અરજદારોને ન્યાય મેળવવામાં વિલંબ થાય છે.

(૫) સુપ્રિમ કોર્ટ દ્વારા સી.એ.નં.૬૪૫૪/૨૦૧૧માં તા.૦૯-૦૮-૨૦૧૧ના રોજ આપવામાં આવેલ ચુકાદાના ફકરા ક્રમાંક-૩૫ અને ૩૭ માં કરવામાં આવેલ નીચે મુજબના અવલોકનોને ધ્યાને લેતા, માંગવામાં આવેલ માહિતી આપવા માટેના હુકમો કરવાની રજૂઆત ગ્રાહ્ય રાખવાપાત્ર નથી.

"Para-35 At this juncture, it is necessary to clear some misconceptions about the RTI Act. The RTI Act provides access to all information that is available and existing. This is clear from a combined reading of section 3 and the definitions of 'information' and 'right to information' under clauses (f) and (j) of section 2 of the Act. If a public authority has any information in the form of data or analyzed data, or abstracts, or statistics, an applicant may access such information, subject to the

exemptions in section 8 of the Act. But where the information sought is not a part of the record of a public authority, and where such information is not required to be maintained under any law or the rules or regulations of the public authority, the Act does not cast an obligation upon the public authority, to collect or collate such non available information and then furnish it to an applicant. A public authority is also not required to furnish information which require drawing of inferences and/or making of assumptions. It is also not required to provide 'advice' or 'opinion' to an applicant, nor required to obtain and furnish any 'opinion' or 'advice' to an applicant. The reference to 'opinion' or 'advice' in the definition of 'information' in section 2(f) of the Act, only refers to such material available in the records of the public authority. Many public authorities have, as a public relation exercise, provide advice, guidance and opinion to the citizens. But that is purely voluntary and should not be confused with any obligation under the RTI Act."

"Para-37 Indiscriminate and impractical demands or directions under RTI Act for disclosure of all and sundry information (unrelated to transparency and accountability in the functioning of public authorities and eradication of corruption) would be counter-productive as it will adversely affect the efficiency of the administration and result in the executive getting bogged down with the non-productive work of collecting and furnishing information. The Act should not be allowed to be misused or abused, to become a tool to obstruct the national development and integration, or to destroy the peace, tranquility and harmony among its citizens. Nor should it be converted into a tool of oppression or intimidation of honest officials striving to do their duty. The nation does not want a scenario where 75% of the staff of public authorities spends 75% of their time in collecting and furnishing

information to applicants instead of discharging their regular duties. The threat of penalties under the RTI Act and the pressure of the authorities under the RTI Act should not lead to employees of a public authorities prioritizing `information furnishing', at the cost of their normal and regular duties."

જાહેર માહિતી અધિકારી દ્વારા આપવામાં આવેલ માહિતી/પ્રત્યુત્તર તથા રેકર્ડની ચકાસણી કરીને માહિતી/પ્રત્યુત્તર આપવા માટે સંમતિ દર્શાવેલ હોવાથી, જાહેર માહિતી અધિકારી વિરૂદ્ધ અધિનિયમની કલમ-૨૦(૧) અને/અથવા કલમ-૨૦(૨) મુજબ કાર્યવાહી કરવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

પ્રથમ અપીલ સત્તાધિકારીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવાની અધિનિયમમાં કોઇ જોગવાઇ નહીં હોવાથી, તે માટે આયોગને કોઇ સત્તા પ્રાપ્ત થતી નથી.

વિવાદી દ્વારા વિશાળ સંખ્યામાં અરજીઓ કરીને માંગવામાં આવતી માહિતીના કારણે કોઇ એક વ્યક્તિ દ્વારા કરવામાં આવતી અરજીઓના કારણે જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થઇ રહ્યો હોવાથી, આયોગને નીચેની બાબતો ધ્યાને લઇને, વિવાદી દ્વારા અયોગ્ય/અતિ/અપ્રમાણસર રીતે વિવિધ જાહેર સત્તામંડળોના સ્ત્રોતોનો ઉપયોગ ન થાય તે માટેના ઉપાયો માટે વિચારણા કરવી જરૂરી જણાઇ છે.

(૧) સુપ્રિમ કોર્ટ દ્વારા સી.એ.નં.૬૪૫૪/૨૦૧૧માં તા.૦૯-૦૮-૨૦૧૧ના રોજ આપવામાં આવેલ ચુકાદાના ફકરા ક્રમાંક-૩૫ અને ૩૭ સહિત ચુકાદામાં કરવામાં આવેલ વિવિધ અવલોકનો ધ્યાને લેવામાં આવેલ છે. ફકરા ક્રમાંક-૩૫ અને ૩૭ની વિગતો પ્રસ્તુત હુકમમાં અગાઉ દર્શાવવામાં આવેલ છે.

(૨) સુપ્રિમકોર્ટ દ્વારા સીવીલ અપીલ નંબર ૭૫૭૧/૨૦૧૧માં તા.૦૨/૦૯/૨૦૧૧ (The Institute of Chartered Accountants of India Vs. Shaunak H. Satya & Ors)ના રોજ

આપવામાં આવેલ ચૂકાદાના પેરા નં.૨૬ માં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છેઃ

" We however agree that it is necessary to make a distinction in regard to information intended to bring transparency, to improve accountability and to reduce corruption, falling under section 4(1) (b) and (c) and other information which may not have a bearing on accountability or reducing corruption. The competent authorities under the RTI Act will have to maintain a proper balance so that while achieving transparency, the demand for information does not reach unmanageable proportions affecting other public interests, which include efficient operation of public authorities and government, preservation of confidentiality of sensitive information and optimum use of limited fiscal resources."

ઉપરોકત પેરા નંબર-૨૬ માં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે માહિતી અધિકાર અધિનિયમના દુરૂપયોગના કારણે આ અધિનિયમમાં પ્રજા વિશ્વાસ ગુમાવે તેવું ન થાય તે માટે અધિનિયમનો દુરૂપયોગ અટકાવવા કાયદા મુજબ પગલાં ભરવાં જોઇએ.

(૩) હાઇકોર્ટ, નવી દિલ્હી દ્વારા **W.P(C) No.845/2014**માં તા.૦૫/૦૨/૨૦૧૪ના રોજ આપવામાં આવેલા ચૂકાદાના ફકરા નં.૧૦માં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છે.

"10. Consequently, this Court deems it appropriate to refuse to exercise its writ jurisdiction. Accordingly, present petition is dismissed. This Court is also of the view that misuse of the RTI Act has to be appropriately dealt with, otherwise the public would

lose faith and confidence in this "sunshine Act". A beneficent Statute, when made a tool for mischief and abuse must be checked in accordance with law. A copy of this order is directed to be sent by the Registry to Defence and Law Ministry, so that they may examine the aspect of misuse of this Act, which confers very important and valuable rights upon a citizen."

(૪) વિવાદી દ્વારા માહિતી અધિકાર અધિનિયમની જોગવાઇઓ અન્વયે તેઓને પ્રાપ્ત થયેલ "માહિતીનો અધિકાર"નો અપ્રમાણસર ઉપયોગ થતો હોવાનું આયોગને જણાતું હોવાથી, વિવાદી દ્વારા યોગ્ય અને પ્રમાણસર માહિતીના અધિકારનો ઉપયોગ કરવામાં આવે તે માટે આયોગ દ્વારા વિવાદીને તેઓની અનેક અપીલો અન્વયે અનેક વખત જણાવવામાં આવેલ છે. આ બાબતે પ્રસ્તુત ચૂકાદામાં અગાઉ ઉલ્લેખ કરવામાં આવેલ છે.

(૫) આમ છતાં, વિવાદી દ્વારા "માહિતીનો અધિકાર"નો અપ્રમાણસર ઉપયોગ કરવાનુ ચાલુ રાખવામાં આવેલ છે. અપ્રમાણસર ઉપયોગને નિયત્રણમાં રાખવા માટે આયોગ દ્વારા ઉપર જણાવ્યા મુજબ કરવામાં આવેલ હુકમોના કારણે વિવાદીના કેટલાક હેતુઓ બર નહિ આવતા હોવાથી, વિવાદી દ્વારા કોઇપણ પુરાવા સિવાય આયોગ વિરૂદ્ધ આક્ષેપો કરવામાં આવે છે. વિવાદી દ્વારા કોઇ ચોક્કસ કમિશનર દ્વારા તેઓની અપીલની સુનાવણી કરવામાં ન આવે તેવી રજૂઆત પણ કરવામાં આવે છે. આમ છતાં, વિવાદીનો અંતરઆત્મા જાગૃત થશે અને તેઓ વાજબી અધિકારને સમજીને, અરજીઓની સંખ્યામાં ઘટાડો કરશે તેવી આશા સાથે આયોગ દ્વારા સંયમપૂર્વક અને ઉદારતાપૂર્વક વિવાદીની સંખ્યાબંધ અપીલોની સુનાવણી કરી, હુકમો કરવામાં આવેલ છે.

(૬) આટલી વિશાળ સંખ્યામાં વિવાદી દ્વારા અરજીઓ કરીને મેળવવામાં

આવેલ માહિતીનો વિવાદી દ્વારા ક્યો (શું) ઉપયોગ કરવામાં આવે છે તે બાબત અનુત્તર રહે છે.

(૭) એક દિવસે એકથી વધુ અપીલની સુનાવણી નહીં કરવાની વિવાદીની માંગણી સમજી શકાય તેવી નથી. અપીલકર્તા જાતે જ સુનાવણી અને નિર્ણય વિલંબિત કરવા માંગે છે, તે ધ્યાને લેવા યોગ્ય હકીકત છે.

(૮) અધિનિયમના આમુખમાં દશાવેલ લોકશાહીના ઉચ્ચ આદર્શોને મૂર્તિમંત કરવાના ઉમદા આશયથી ઘડવામાં આવેલા આવા પવિત્ર અધિનિયમનો અપ્રમાણસર/અનિયંત્રિત ઉપયોગ સાથે માહિતી આયોગ સહિત લોકશાહીને વરેલી કોઇ સંસ્થા સંમત થઇ શકે નહીં:

(૯) જાહેર સત્તામંડળના સંસાધનોનો ઉપયોગ લોકોપયોગી સેવાઓ પૂરી પાડવા માટે કરવાનો રહે છે. ગણ્યા ગાંઠ્યા નાગરિકો દ્વારા માહિતી અધિકાર અધિનિયમના ઉપયોગના અપ્રમાણસર/અનિયંત્રિત ઉપયોગ થકી તેઓની વ્યવસ્થાઓ ખોરવાય નહીં તે જોવાની પવિત્ર જવાબદારી માહિતી આયોગ સહિત લોકશાહીને વરેલી તમામ સંસ્થાઓની છે.

(૧૦) આયોગ દ્વારા અન્ય એક નાગરિકની અધિનિયમ અન્વયેની વર્તણૂંકના આધારે તેઓની રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનને સંબંધિત કોઇ અરજી ધ્યાને ન લેવા હુકમો કરવામાં આવેલ. આયોગના હુકમ વિરૂદ્ધ વિવાદી દ્વારા હાઇકોર્ટમાં કરવામાં આવેલ આર/એસ.સી.એ.નં. ૧૮૪૧૬-૨૦૨૩, તા.૦૭-૦૧-૨૦૨૫ના હુકમથી "ડીસમીસ્ડ" કરવામાં આવેલ છે.

(૧૧) નાછુટકે અધિનિયમના આમુખમાં જણાવ્યા અનુસાર, સંઘર્ષમાં આવતા હિતો વચ્ચે સંવાદિતા સાધવાના અધિનિયમના ઉદ્દેશોને સિદ્ધ કરવાના હેતુસર વિવાદી દ્વારા પ્રમાણસર અરજીઓ કરવામાં આવે તેવું ઠરાવવું આયોગને

અનિવાર્ય જણાય છે.

(૧૨) આવા સંજોગોમાં વિવાદી દ્વારા રજૂ કરવામાં આવતી અપીલ/ફરિયાદનું પ્રમાણ નિયત કરવું આયોગને જરૂરી જણાયું છે અને તેથી ઉદારતાપૂર્વક આયોગ દ્વારા એક કેલેન્ડર વર્ષમાં વધુમાં વધુ ૨૫(પચ્ચીસ) નમૂના-"ક" ની અરજીઓને પ્રસ્તુત અપીલના વિવાદીના કિસ્સામાં પ્રમાણસર ગણવામાં આવે છે. રાજ્યના તમામ નાગરિકો દ્વારા જો ૨૫ અરજીઓ કરવામાં આવે તો પણ વહીવટી તંત્ર ખોરવાઇ જાય! આમ છતાં, તમામ નાગરિકો દ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજીઓ કરવામાં આવતી નહીં હોવાથી તથા અધિનિયમના આમુખમાં દર્શાવેલ આદર્શો અને આયોગને સોંપવામાં આવેલ "સંવાદિતા સાધવાની" ફરજોને ધ્યાને લઇને, વિવાદી દ્વારા પ્રતિ વર્ષ માહિતી અધિકાર અધિનિયમ હેઠળની ૨૫ અરજીઓ વધુ જણાતી હોવા છતાં, આયોગ દ્વારા હાલના તબક્કે વિવાદીના કિસ્સામાં પ્રતિ વર્ષ  માહિતી અધિકાર અધિનિયમ હેઠળની ૨૫ અરજીઓ ઉદારતાપૂર્વક પ્રમાણસર ગણવામાં આવે છે.

<u>ઉક્ત વિગતો ધ્યાને લઇને આયોગ દ્વારા વિવાદીને નીચે મુજબ આદેશો આપવામાં આવે છે:</u>

(૧) પ્રસ્તુત હુકમની તારીખથી પ્રત્યેક કેલેન્ડર વર્ષમાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ વધુમાં વધુ ૨૫ અરજીઓ કરી શકાશે.

(૨) આવી પ્રત્યેક અરજીમાં વધુમાં વધુ બે પ્રકરણને લગતી અને વધુમાં વધુ ૫(પાંચ) મુદ્દાઓમાં માહિતી માંગી શકાશે.

(૩) પ્રસ્તુત હુકમની તારીખ બાદ જાહેર સત્તામંડળને કરવામાં આવતી પ્રત્યેક અરજીમાં તેઓએ નીચે મુજબની બાંહેધરી આપવાની રહેશે.

"આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, આયોગ દ્વારા અપીલ નં.૩૯૯૨/૨૦૨૪ માં તા.૨૯/૦૧/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ હુકમ અનુસાર, કુલ ૨૫ પૈકી પ્રસ્તુત અરજીનો ક્રમાંક .......... છે." આ પ્રકારે બાંહેધરી દર્શાવી, વિવાદીએ તેની નીચે સહી અને તારીખ દર્શાવવાની રહેશે.

રાજ્યના તમામ જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારીઓ અને પ્રથમ અપીલ સત્તાધિકારીઓને જણાવવામાં આવે છે કે, આયોગના ઉક્ત હુકમ પ્રમાણે વિવાદી દ્વારા બાંહેધરી આપવામાં આવેલ ન હોય કે ૨૫ થી વધુ સંખ્યામાં અરજીઓ રજૂ કરવામાં આવેલ હોય તો, બાંહેધરી આપવામાં આવેલ ન હોવાના કારણસર અને/અથવા ૨૫ થી વધુ સંખ્યામાં અરજીઓ રજૂ કરેલ હોવાના કારણોસર વિવાદીની અરજી દફતરે કરવામાં આવે અને તેની વિવાદીને જાણ કરવામાં આવે.

આયોગના સચિવને જણાવવામાં આવે છે કે, આયોગના પ્રસ્તુત હુકમની નકલ રાજ્ય સરકારના તમામ વિભાગો અને વિભાગો હસ્તકના જાહેર સત્તામંડળને મોકલી આપી, તેનો અમલ કરવા માટે જણાવવામાં આવે.

આયોગ દ્વારા રજીસ્ટ્રારને જણાવવામાં આવે છે કે, આયોગના પ્રસ્તુત હુકમ બાદ, રજૂ થતી બીજી અપીલ/ફરિયાદને સંલગ્ન નમૂના-"ક"ની અરજીમાં વિવાદી દ્વારા ઉપર મુજબની બાંહેધરી આપવામાં આવેલ ન હોય અથવા તેઓ દ્વારા એક કેલેન્ડર વર્ષમાં ૨૫ થી વધુ અરજી કરવામાં આવી હોય તો, તેઓની બીજી અપીલ/ફરિયાદ સુનાવણી માટે રજૂ કરવાની રહેશે નહીં. આવી અપીલ/ફરિયાદ દફતરે કરી, તેની વિવાદીને જાણ કરવામાં આવે.

ગુજરાત માહિતી આયોગ

અ-૩૯૯૨-૨૦૬૪

<u>ઉક્ત હુકમ અન્વયે અપીલનો નિકાલ કરવામાં આવે છે.</u>

સહી/-
(ડૉ. સુભાષ સોની)
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર

મુકાબલ કરનાર

કાયદા અધિકારી
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

પ્રમાણિત કરનાર

નાયબ સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર